

આપકી દિવ્યધ્વનિ હોતી વિદેહકે ધામમેં,
સંદેશ યહાં ઉસકી સુનાઈ મેરે ગુરુવર કહાનને

કહાન સંવત-૧૦ □ (૫૫૬) ❊ આત્મધર્મ ❊ (અંક-૮ વર્ષ-૪૬) □ વીર સં. ૨૫૧૬ ફેબ્રુઆરી, ૧૯૯૦

प्रशममूर्ति पूज्य બહેનશ્રી ચંપાબહેનનો

## ૫૮મો સમ્યક્ત્વજયંતી-મહોત્સવ

[ તા. ૧૮-૩-૯૦ થી તા. ૨૨-૩-૯૦ ]

સ્વાનુભવપ્રેરણામૂર્તિ સમ્યગ્દર્શનતીર્થપ્રભાવક પરમોપકારી પરમ પૂજ્ય ગુરુદેવશ્રીના પરમ ભક્ત સમ્યક્ત્વતીર્થ સ્વાનુભવ-વિભૂષિત પ્રશમપરિણત પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનનો ૫૮મો વાર્ષિક સમ્યક્ત્વજયંતી-મહોત્સવ (ફાગણ વદ ૧૦) મુંબઈ નિવાસી શ્રી જડાવબેન નાનાલાલભાઈ જસાણી પરિવાર તરફથી તા. ૧૮-૩-૯૦ થી તા. ૨૨-૩-૯૦ સુધી અધ્યાત્મ-અતિશયક્ષેત્ર શ્રી સુવર્ણપુરીમાં અતિ-આનંદોલ્લાસપૂર્વક ઉજવવામાં આવશે. આ પાવન પ્રસંગ શ્રી ચૌંસઠઋદ્ધિમંડલવિધાનપૂજા, પરમ પૂજ્ય ગુરુદેવશ્રીના સમ્યક્ત્વમહિમાભરપૂર અધ્યાત્મ-ટેપપ્રવચન, સ્વાનુભવપરિણત પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના પાવન દર્શન તેમજ તેઓશ્રીની વિડિયો-તત્ત્વચર્ચા, સમાગત વિદ્વાનોનાં શાસ્ત્રપ્રવચન ઇત્યાદિ અનેકવિધ રોચક કાર્યક્રમ પૂર્વક અતિ આનંદોલ્લાસ સહિત ઉજવવામાં આવશે. બધા જ મુમુક્ષુઓને આ સમ્યક્ત્વ-ભાવનાપ્રેરક અનુપમ અવસરનો લાભ લેવા પધારવા હાર્દિક અનુરોધ છે.

— ※ —

પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનને હીરાથી વધાવવાનો અમૂલ્ય લાભ પ્રાપ્ત થવાની ખુશાલીમાં

રૂા. ૧૫૧૦૮/- શ્રીમતી કુસુમબેન ચંદ્રકાન્ત મણીયાર તથા
અર્ચનાબેન ભરતેષ મહેતા

રૂા. ૫૦૧૪/- શ્રી વર્ષાબેન હર્ષદભાઈ હેમાણી, કલકત્તા

રૂા. ૫૦૦૧/- શ્રી શોભનાબેન પ્રદીપભાઈ સંઘરાજકા, મુંબઈ

—તરફથી સંસ્થાના વિવિધ દાન ખાતે જાહેર કરવામાં આવ્યા હતા.

કહાન
સંવત-૧૦
વર્ષ-૪૬
અંક-૮
[ ૫૫૬ ]




વીર
સંવત
૨૫૧૬
સં. ૨૦૪૬
FAB.
A.D. 1990

# આત્મધર્મ

શાશ્વત સુખનો માર્ગ દર્શાવતું માસિક પત્ર

## નિજ-શુદ્ધાત્મા એક જ ઉપાદેય જાણ

[ શ્રી પરમાત્મપ્રકાશ શાસ્ત્ર ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન ]

( સળંગ પ્રવચન નં. ૨૩ )

શ્રી પરમાત્મપ્રકાશ ગ્રંથની ૩૪ મી ગાથા શરૂ થાય છે.

આ આત્મા દેહમાં રહ્યો હોવા છતાં નિશ્ચયનયથી તે દેહને સ્પર્શ્યો નથી. આત્મા શુદ્ધ જ્ઞાનાનંદમૂર્તિ છે. તે શરીરને કર્મને કે વિકારને સ્પર્શતો નથી અને દેહથી પણ આત્મા સ્પર્શી શકાતો નથી.

ભગવાન જ્ઞાનાનંદ-ચિદાનંદસ્વરૂપ મૂર્તિ તે આત્મા છે. એ આત્મા દેહમાં રહ્યો હોવા છતાં દેહને સ્પર્શતો નથી. દેહ શબ્દે પુણ્ય-પાપ કર્મ, રાગાદિ વિકારને પણ આત્મા સ્પર્શતો જ નથી અને દેહ, પુણ્ય-પાપ કર્મ, રાગાદિભાવ વગેરેથી તે સ્પર્શાતો નથી એટલે કે તેના વડે આત્મા અનુભવમાં આવતો નથી. ગુરુ શિષ્યને કહે છે કે હે શિષ્ય ! આવા દેહના સ્પર્શ રહિત આત્માને તું આત્મા જાણ !

બે ભાગ પાડ્યા છે. એકકોર રામ અને બીજી બાજુ ગામ. એક તરફ શુદ્ધ જ્ઞાનાનંદમૂર્તિ આતમરામ અને બીજી તરફ શરીર, વાણી, મન, કર્મ, વિકાર આદિ બધું ગામ. તેની સાથે આત્માને કાંઈ લાગતું-વળગતું નથી એટલે કાંઈ સંબંધ નથી.

અનંત અનંત શુદ્ધ જ્ઞાનસ્વરૂપ-ભગવાન આત્માની અનુભૂતિ કેવી રીતે થાય? કે પુણ્ય-પાપ રાગરહિત દૃષ્ટિ, જ્ઞાન અને શાંતિરૂપ જે સ્થિરતા તેના વડે આત્મા અનુભવમાં આવે છે. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર વડે આત્માનો સ્પર્શ-અનુભવ થઈ

શકે છે. ભગવાને દરેક આત્માને આવા જ જોયા છે કે તે નિર્મળ અનુભૂતિ વડે જ તે જણાય એવા છે.

ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્યમૂર્તિ અનંતગુણ સંપન્ન પ્રભુ જેવો સર્વજ્ઞદેવને પ્રાપ્ત થયો છે એવો જ દરેકનો આત્મા ભગવાને જોયો છે અને એવો જ કહ્યો છે. આ આત્મા પોતાની અનુભૂતિ વડે જ પ્રાપ્ત થાય છે અને નિર્મળ અનુભૂતિથી વિપરીત પુણ્ય-પાપ-ક્રોધ-માનાદિના પરિણામથી કર્મ પ્રાપ્ત થાય છે અને કર્મથી શરીર પ્રાપ્ત થાય છે.

આ તો સાદી સીધી વાત છે. શાસ્ત્રના આકરા શબ્દો આમાં નથી. ભગવાન આત્મા વસ્તુસ્વભાવે શુદ્ધ નિર્મળ જ્ઞાનાનંદસ્વરૂપ મૂર્તિ છે. તે નિર્મળ અનુભૂતિમાં પ્રાપ્ત થાય છે, નિર્મળ અનુભૂતિ વડે કર્મ કે શરીર પ્રાપ્ત ન થાય. કર્મ અને શરીર મળવાનું કારણ તો ક્રોધ, માન, ભક્તિ, પૂજાદિ શુભ-અશુભભાવ છે.

જેમ બરફની શીતળ શીતળ શીલા છે તેમ ભગવાન આત્મા અતીન્દ્રિય, અકષાય વીતરાગતાની શીતળ મૂર્તિ છે. આમ સર્વજ્ઞ વીતરાગદેવે કહ્યું છે અને એમ જ અમે જાણ્યું છે, એમ મુનિરાજ કહે છે. એ તને કેમ જણાય? કે રાગનિ રુચિ છોડી શુદ્ધ સ્વભાવની રુચિ, જ્ઞાન અને સ્થિરતા પ્રગટ કરતાં આવા આત્માની અનુભૂતિ તને પણ પ્રાપ્ત થાય તેમ છે.

આ અનુભૂતિથી વિપરીત પુણ્ય-પાપ વિકારીભાવ થવાથી કર્મ બંધાય છે અને કર્મથી શરીર મળે છે. તેને અજ્ઞાની જીવ પોતાનું માને છે.

જીવવસ્તુ વર્તમાનમાં પણ શુદ્ધ અને પવિત્ર છે. તેની અનુભૂતિ વડે મુક્તિની પ્રાપ્તિ થાય છે અને અનુભૂતિથી વિપરીત 'હું પુણ્ય-પાપવાળો છું, શરીરવાળો છું' એવી ભ્રાંતિ વડે જડકર્મો બંધાય છે અને કર્મોના નિમિત્તે શરીર મળે છે તેમાં આ જીવ રહેલો છે તેથી નજીકના સંબંધથી અનુપચરિત અસદ્‌ભૂત વ્યવહાર નામની જૂઠી નયથી આત્મા શરીરને સ્પર્શ્યો છે એમ કહેવાય છે.

દેહ તો જડ માટી છે અને આત્મા તો ચૈતન્ય છે. બંનેની જાત જુદી છે છતાં દેહ અને આત્માને નજીકનો નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે. કુટુંબ-પરિવાર સાથે એવો સંબંધ નથી, કેમ કે એ તો ક્ષેત્રથી પણ ભિન્ન જ છે. અનુપચાર અસદ્‌ભૂતનયે આત્મા દેહમાં રહેલો છે. દેહ અને આત્માનું ક્ષેત્ર એક છે તેથી અનુપચાર કહ્યો પણ નિશ્ચયથી દેહને આત્મા અડતો પણ નથી માટે તે અસદ્‌ભૂત-જૂઠી નયનું કથન છે.

ભાઈ! તું કોણ અને દેહ કોણ! તે એકબીજાને અડતાં નથી તેની વાત તને કહીએ છીએ. જેનામાં વર્ણ-રંગ આદિ તો નથી પણ પુણ્ય-પાપના વિકાર પણ જેમાં

નથી એવો તું અરૂપી અવિકારી ચૈતન્યપ્રભુ છો. આ તો મૂળ તત્ત્વની વાતો છે ભાઈ! સ્ત્રી, પુત્રાદિને ઉપચારથી જીવના કહેવાય છે, દેહને અનુપચાર અસદ્‌ભૂત વ્યવહારનયથી જીવનો કહેવાય છે પણ નિશ્ચયથી દેહ, કર્મ કે પુણ્ય-પાપ આદિ વિકારીભાવ કોઈ જીવના નથી.

દેહ, કર્મ અને વિકારથી ચૈતન્યવસ્તુ ભિન્ન જ છે પણ અજ્ઞાનીની માન્યતામાં એમ છે કે દેહાદિ બધું મારું છે તેને મુનિરાજ કહે છે કે દેહાદિ પર વસ્તુની અસ્તિ તો છે પણ તે તારી ચીજ નથી. તું દેહમાં રહેલો હોવા છતાં નિશ્ચયથી દેહને સ્પર્શતો નથી. પોતે ભગવાન સત્ સચ્ચિદાનંદ સત્ સિદ્ધસ્વરૂપ પ્રભુ છે તે વિકાર કર્મ અને દેહને કેમ સ્પર્શે? જે વસ્તુ જ જુદી છે તે એક કેમ થાય!

એક તરફ ભગવાન જ્ઞાન, દર્શન, સુખ, આનંદસ્વરૂપ મૂર્તિ પોતે અને બીજી બાજુ પુણ્ય, પાપ, શરીર, કર્મ આદિ તેમાં જીવ નહિ અને જીવમાં તે નહિ.

આ ભગવાન તીર્થંકરદેવનું શાસન કોઈ જુદી જાતનું છે તેનો કોઈની સાથે મેળ ખાય તેમ નથી. ભગવાન કહે છે કે, દરેક આત્મા શુદ્ધ સત્ ચિદાનંદઘન છે તે દેહમાં રહેલો હોવા છતાં વસ્તુએ તદ્દન ભિન્ન છે છતાં અજ્ઞાની ભ્રમથી દેહ, કર્મ અને વિકારને પોતાના માને છે એ તેનો મિથ્યાભ્રમ છે.

હવે આમાં કરવું શું?—કે તારા શુદ્ધ ચૈતન્યસ્વરૂપ સામે નજર કર અને વિકાર, કર્મ આદિ ઉપરથી દૃષ્ટિ છોડ. આ કરવા જેવું છે. ભાઈ! તું પ્રભુ છો ને! વિકાર તો હોય, પામર, અચેતન છે. ભગવાન જ્ઞાયકજ્યોતસ્વરૂપ ચિદાનંદને આ અચેતનભાવો સ્પર્શી શકતાં નથી. તેનો અર્થ એ થયો કે પુણ્ય-ભાવ વડે ચૈતન્યનો અનુભવ થઈ શકતો નથી. દયા, દાનાદિના શુભ પરિણામ તો રાગ-વિકાર છે તેને ચૈતન્ય અડતો નથી તો જે ચૈતન્યથી ભિન્ન છે એવા શુભભાવ વડે ચૈતન્યનો અનુભવ કેવી રીતે થાય?

લોકોને આ સાંભળીને રાડ પડી જાય છે અરે, આ સોનગઢવાળા શું કહે છે! ભાઈ, અમને નહિ તું ભગવાનને જઈને કહે ને! અમે તો ભગવાને કહેલું છે તે કહીએ છીએ.

દિવાળીના દિવસોમાં લોકો એકબીજાના નામા મેળવે છે ને કે કોની પાસે કેટલી લેણ-દેણ છે તે ખબર પડે, તો અહીં કહે છે કે ભગવાન સાથે તારું નામું મેળવ. પણ એને આ નામા મેળવતાં આવડતાં નથી.

એ આત્માને તું આત્મા જાણ કે જે પોતાની નિર્મળ અનુભૂતિ વડે પ્રાપ્ત થાય છે અને નિર્મળ અનુભૂતિથી વિપરીત વિકાર વડે પ્રાપ્ત કર્મ અને શરીર વડે જે પ્રાપ્ત

થતો નથી. આવો જે આત્મા તેને અંતરમાં તું આત્મા જાણ. તારા જ્ઞાન અને શ્રદ્ધામાં નક્કી કર કે હું આવો શુદ્ધ આત્મા છું.

આ એક એક ગાથામાં બધું આવી જાય છે. શુદ્ધ-આત્મા દેહ, વાણી, મન, કર્મ, વિકાર આદિ બધાંથી રહિત છે ત્યાં દીકરા-વહુ મારા એ વાત કયાં રહી?

શ્રોતા:—એ બધાં યાદ તો આવે ને!

પૂજ્ય ગુરુદેવશ્રી:—યાદ આવે એટલે શું? તેનું જ્ઞાન અને રાગ આવે તારા ઘરમાં, એ દીકરા-વહુ ન આવી જાય. જાણનાર ભગવાન આત્મા જાણે તો બધાંને. પણ તેમાં આ મારા અને આ મારા નહિ એવા બે ભેદ કયાંથી લાવ્યો? મૂઢતાને લઈને એવી ભ્રમણા તે ઊભી કરી છે.

ટીકાકારે તો એવી વાત લીધી છે કે પુણ્ય-પાપની ક્રિયા, દેહ, વાણી, મનને જે મારા માને છે તેને પોતાનો ભગવાન આત્મા હેય વર્તે છે; જે ખરેખર હેય ચીજ છે, એવા દેહ, વિકારાદિને ઉપાદેય માને છે તેને ઉપાદેય એવો શુદ્ધાત્મા હેય થઈ જાય છે. તેણે શ્રદ્ધામાંથી આત્માને છોડી દીધો છે.

અજ્ઞાની જીવને પુણ્ય-પાપ વિકાર આદિ ઉપાદેય વર્તે છે અને શુદ્ધ આત્મા હેય વર્તે છે, જ્યારે ધર્મી જીવને પુણ્ય, પાપ, શરીરાદિ હેય વર્તે છે અને જ્ઞાનાનંદસ્વરૂપ શુદ્ધાત્મા ઉપાદેય વર્તે છે.

આ ચૈતન્યરામની રમતવાળાને—આત્માના શ્રદ્ધા-જ્ઞાનવાળાને આત્મા ઉપાદેય છે તેને પુણ્ય-પાપ, શરીર, કર્મ આદિ આદરણીય નથી પણ હેય છે અને આત્મારામની રમત મૂકીને પુણ્ય, પાપ, શરીર આદિ મારા માનનારને તે બધું ઉપાદેય વર્તે છે અને આખો ભગવાન આત્મા હેય વર્તે છે.

જેને શુદ્ધ ચૈતન્યઘન-જ્ઞાનાનંદમૂર્તિ તે જ હું એવા શ્રદ્ધા-જ્ઞાન વર્તે છે એવા જ્ઞાનીને આત્મા પોતે જ ઉપાદેયપણે વર્તે છે અને શુદ્ધ ચૈતન્યથી વિપરીત રાગાદિભાવ, કર્મ, શરીર-વાણી-મન આદિ બધું હેય વર્તે છે કેમ કે તે મારાથી ભિન્ન છે માટે તે હેય છે એમ જ્ઞાની જાણે છે. જ્ઞાનીને રાગથી માંડીને દેહાદિ બધું હેયપણે જ દેખાય છે અને એકમાત્ર શુદ્ધાત્મા જ ઉપાદેયપણે દેખાય છે. જ્યારે અજ્ઞાનીને તો પુણ્ય-પાપ, દેહાદિ જ 'હુંપણે' દેખાય છે તેથી તેમાં આદર-બુદ્ધિ રહે છે. દેહ, મન, રાગાદિ જેટલો જ હું એમ માનતો હોવાથી અજ્ઞાની તેને જ ઉપાદેય માને છે. ઉપાદેય એટલે આ આટલી જ મારી ચીજ છે એમ દેખાય છે.

યોગીન્દ્રદેવે જંગલમાં બેઠાં-બેઠાં પણ કાંઈ ગાથાઓ લખી છે! જેણે શુદ્ધ

ચૈતન્યમૂર્તિ આત્માની સાથે નિર્વિકલ્પ શ્રદ્ધા-જ્ઞાન વડે જોડાણ કર્યું છે તેને આત્મા જ ઉપાદેય વર્તે છે. તેને પુણ્ય-પાપની જેટલી ક્રિયા થાય તેને તે જાણે છે પણ ઉપાદેય માનતો નથી.

અજ્ઞાની આખા આનંદકંદ ચૈતન્યમૂર્તિને આડ મારીને પુણ્ય-પાપ વિકાર, શરીર આદિની ક્રિયાની એક સમયની પર્યાય મારી છે એમ તેનો આદર કરે છે તેને આખા ભગવાન આત્માનો અનાદર વર્તે છે. સમજાય છે કાંઈ! આ તો સમજાય તેવું છે. પ્રયોગ કરવામાં મહેનત પડે પણ વાત લક્ષમાં તો આવે છે ને!

આ દિવાળીના દિવસોમાં ખાવાની ઊંચી ચીજ પીરસાય છે, ભગવાન! અરે, ભર્યા ભાણાં પીરસેલા છે તે ખાતો નથી અને જે તારી ચીજ નથી તેને ખાવા જાય છો? આ તને શોભતું નથી. અતીન્દ્રિય આનંદ અને જ્ઞાયકતાથી ભરેલાં ઊંચા ભાણાં મૂકીને જે તારા નથી એવા પુણ્ય-પાપ વિકાર અને શરીરને મારા માનીને ભાઈ! તું હારી ગયો છો.

એકવાર જેણે ભગવાન આત્મામાં અતીન્દ્રિય આનંદના ભાણા ભાળ્યાં-જેના દૃષ્ટિ અને જ્ઞાનમાં હું શુદ્ધ ચૈતન્ય જ્ઞાનાનંદમૂર્તિ છું એવો આદર આવ્યો તેને પુણ્ય-પાપભાવ ઝેર જેવા ભાસે છે. એવા જ્ઞાનીને હું પૈસાવાળો છું કે હું રાગવાળો છું એવું અભિમાન થતું નથી.

ભક્તિમાં આવે છે "કંચન અને કામિની...રામની રમતને તે જ લૂંટે." આ આત્મા શુદ્ધ એટલે કે આનંદસ્વરૂપ છે, શુદ્ધ એટલે જેમાં દુઃખ નથી, શુદ્ધ એટલે જેમાં અપૂર્ણતા નથી પૂર્ણ પવિત્ર જ્ઞાનાનંદ ધામ છે છતાં પુણ્ય-પાપમાં જેને મારાપણું છે તે આત્મારામની રમતને લૂંટી નાંખે છે.

આ વ્યવહાર મારો છે, પુણ્ય કરતાં કરતાં મને ધર્મ થશે એમ જેને વ્યવહારનો આદર વર્તે છે તેને ભગવાન શુદ્ધાત્માનો અનાદર વર્તે છે. તેને અહીં કહે છે પ્રભુ! રાગ તો ઝેર છે. એ રાગના પ્રેમમાં તારો પ્રભુ લૂંટાય જાય છે.

કેટલાક લોકો એવા હોય છે ને કે ભર્યા ભાણાં મૂકીને એઠાં ચાટવા જાય છે-ઘરે સુંદર સ્ત્રી મૂકીને વાઘરણ પાસે જાય છે, તેને કાંઈ ભાન નથી. તેમ અહીં પરમાત્મા પોકાર કરે છે કે, હે આત્મા! તારામાં અતીન્દ્રિય આનંદ અને શાંતિ ભર્યા પડયાં છે તેને મૂકીને તું પુણ્ય-પાપની એંઠ ચાટવા જાય છે! જે તારામાં નથી તેને તારું માનવું એ એઠું ચાટવા બરાબર છે. તેમાં તને વિકારનો દુઃખરૂપ અનુભવ થશે પણ આત્માનો આનંદ નહિ આવે.

જે પોતાના શુદ્ધસ્વરૂપમાં જોડાણ કરે છે તે યોગી છે અને જે પુણ્ય, પાપ,

શરીરાદિમાં જોડાણ કરે છે તે ભોગી છે. જે આત્મામાં એકાગ્ર થાય તેને પરમ આનંદ આપતો ચૈતન્ય સ્ફૂરાયમાન થાય છે. પરમ આનંદ લેતો શુદ્ધાત્મા પ્રગટે છે તે હું છું.

પરમાત્મા કહે છે તારો પરમાત્મા તારી પાસે છે તેની સામુ જો તો તને પર્યાયમાં પરમાત્મા સ્ફૂરાયમાન થશે.

શરીરનું જીવન હો કે મરણ હો તે બંનેમાં જ્ઞાનીને સમભાવ વર્તે છે. વિષમભાવ કરવાથી કાંઈ જીવન વધી જતું નથી એમ જ્ઞાની જાણે છે. લાભ-અલાભમાં પણ જ્ઞાનીને સમભાવ વર્તે છે. બહારની ચીજ આવે કે જાય તેથી તેમને કાંઈ લાભ-અલાભ નથી.

સુખ-દુ:ખમાં પણ જ્ઞાનીને સમભાવ વર્તે છે. અજ્ઞાનીને બહારની ચીજની અનુકૂળતામાં સુખની અને પ્રતિકૂળતામાં દુ:ખની કલ્પના થાય છે. ખરેખર બહારની ચીજ કોઈ અનુકૂળ પણ નથી અને પ્રતિકૂળ પણ નથી તેથી જ્ઞાનીને તેમાં સુખ-દુ:ખની કલ્પના થતી નથી.

શત્રુ-મિત્ર પ્રત્યે પણ જ્ઞાનીને સમભાવ છે. જ્ઞાનીને કોઈ શત્રુ કે મિત્ર જ હોતા નથી પણ જગતની દૃષ્ટિએ જે અનુકૂળ હોય તે મિત્ર અને પ્રતિકૂળ હોય તે શત્રુ ગણાય છે તેના પ્રત્યે જ્ઞાનીને સમભાવ હોય છે.

કેટલાકને માંડ બધી અનુકૂળતા આવી હોય, છોકરાં મોટા થયાં હોય-પૈસો થયો હોય અને ભોગવવાનું ટાણું આવ્યું ત્યાં મરણ આવે તો આકરું લાગે ભાઈ! આ તારે સુખના ટાણાં નહિ, ઝેરના ટાણાં હતાં. બીજાને અનુકૂળતા હોય અને પોતાને જરા પ્રતિકૂળતા આવે ત્યાં એમ થઈ જાય કે મારે આમ કેમ? ભાઈ! બહારની અનુકૂળતા-પ્રતિકૂળતા સાથે તારે શું સંબંધ છે? શરીરનું લાંબુ આયુષ્ય હો કે જલ્દી મરણ થઈ જાય તેનાથી આત્માને શું? જે ચીજ જ આત્માની નથી તેનાથી આત્માને લાભ-નુકશાન નથી એમ જાણતાં જ્ઞાનીને સમભાવ વર્તે છે.

જેને શાંતમૂર્તિ આત્માની દૃષ્ટિ, જ્ઞાન અને જોડાણ થયું છે તેને બહારની કોઈ ચીજમાં સમતા-વિષમતા લાગતી નથી. શરીરમાં કે સ્ત્રી, પુત્રાદિમાં રોગ કે નીરોગતા જે આવવા યોગ્ય હોય તે આવે છે તેનાથી મને કાંઈ લાભ-અલાભ નથી એમ જેની દૃષ્ટિ પરના જોડાણથી છૂટી ગઈ છે અને સમભાવ પ્રગટ થયો છે તેને વાંજિયા હો કે દશ દીકરા હો, શત્રુ હો કે મિત્ર હો, ક્યાંય સુખ-દુ:ખ નથી. આવા જીવને કેવી શાંતિ પ્રગટ થાય છે તેની વાત હવે પછી કરશે. [ ક્રમશ: ]

# શ્રદ્ધા-જ્ઞાન-રમણતારૂપ નિશ્ચયરત્નત્રય તે જ મોક્ષમાર્ગ

[ શ્રી નિયમસારશાસ્ત્ર ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન ]

ગાથા ૫૨ થી ૫૫માં રત્નત્રયનું સ્વરૂપ વર્ણવ્યું.

એવી રીતે એકત્વસપ્તતિમાં ( શ્રી પદ્મનંદી આચાર્યદેવકૃત પદ્મનંદીપંચવિંશતિકા નામના શાસ્ત્રને વિષે એકત્વસપ્તતિ નામના અધિકારમાં ૧૪માં શ્લોક દ્વારા ) કહ્યું છે કેઃ-

"दर्शनं निश्चयः पुंसि बोधस्तद्बोध इष्यते ।
स्थितिरत्रैव चारित्रमिति योगः शिवाश्रयः ॥"

[શ્લોકાર્થ] આત્માનો નિશ્ચય તે દર્શન છે, આત્માનો બોધ તે જ્ઞાન છે, આત્મામાં જ સ્થિતિ તે ચારિત્ર છે;—આવો યોગ (અર્થાત્ આ ત્રણેની એકતા) શિવપદનું કારણ છે.

શુદ્ધ અખંડ ધ્રુવ આત્મા છે. તેવા દ્રવ્યસ્વભાવની નિર્વિકલ્પ અંતરંગ પ્રતીત તે સમ્યગ્દર્શન છે. એક સમયનો વિકાર કે પર્યાય જેટલો આત્મા નથી. શરીર-મન-વાણી કે પંચમહાવ્રતાદિના શુભપરિણામ તે આત્મા નથી, તેમ જ જ્ઞાન વગેરેની એક સમયની પર્યાય તે પણ આત્મા નથી, કેમ કે પર્યાય જેટલો આખો આત્મા નથી, નિશ્ચયનયના વિષયભૂત આત્માની અહીં વાત છે. તેના ભાન સહિત વ્યવહારનું સાચું જ્ઞાન થાય છે.

આત્મા શુદ્ધ કારણપરમાત્મા ભગવાન છે. તે પોતે વિકારને કરતો પણ નથી અને ટાળતો પણ નથી. એવો આત્મા તે જ સમ્યગ્દર્શનમાં આદરણીય છે. ક્ષણિક પર્યાય તે સમ્યગ્દર્શનમાં આદરણીય નથી. ધ્રુવ સામાન્ય જ્ઞાયકસ્વભાવની દૃષ્ટિ તે સમ્યગ્દર્શન છે.

આત્મામાં અંતર્મુખ થતાં જે જ્ઞાન થાય તે જ સમ્યગ્જ્ઞાન છે. શાસ્ત્રનું જ્ઞાન તે વ્યવહાર છે પણ અંતરમાં શુદ્ધ આત્માના જ્ઞાન વિના સમ્યગ્જ્ઞાન થાય નહિ.

શુદ્ધ આત્મામાં નિશ્ચયપણે લીનતા થવી તે સમ્યક્ચારિત્ર છે. વચ્ચે વિકલ્પ આવે તે વ્યવહાર છે. પણ નિશ્ચયથી તો શુદ્ધ ધ્રુવ આત્મામાં લીનતા તે જ ચારિત્ર છે, એવું નિશ્ચય ચારિત્ર હોય ત્યાં વિકલ્પને વ્યવહારચારિત્ર કહેવાય.

આ રીતે શુદ્ધ આત્માનાં શ્રદ્ધા-જ્ઞાન અને લીનતા એ ત્રણેનો યોગ તે શિવપદનું કારણ છે. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર ત્રણેની એકતા તે મોક્ષનું કારણ છે અને તે

સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રનું મૂળિયું તો ત્રિકાળી કારણપરમાત્મા છે. તેના જ આશ્રયે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર પ્રગટી જાય છે.

ટીકાકાર પોતે પદ્મપ્રભ મુનિરાજ છે અને ટીકામાં પદ્મનંદી આચાર્યના શ્લોકનો આધાર આપ્યો છે. આત્માનો સ્વભાવ ત્રિકાળ ધ્રુવ એકરૂપ છે. તેના શ્રદ્ધા-જ્ઞાન અને એકાગ્રતા તે જ મોક્ષનો માર્ગ છે. બીજો મોક્ષમાર્ગ નથી.

વળી (આ શુદ્ધભાવ અધિકારની છેલ્લી પાંચ ગાથાઓની ટીકા પૂર્ણ કરતાં મુનિરાજ શ્રી પદ્મપ્રભમલધારિદેવ શ્લોક કહે છે):—

जयति सहजबोधस्तादृशी दृष्टिरेषा
चरणमपि विशुद्धं तद्विधं चैव नित्यम्।
अघकुलमलपंकानीकनिर्मुक्तमूर्तिः
सहजपरमतत्त्वे संस्थिता चेतना च ॥ ७५ ॥

[શ્લોકાર્થ]:— સહજ જ્ઞાન સદા જયવંત છે, તેવી (સહજ) આ દૃષ્ટિ સદા જયવંત છે, તેવું જ (સહજ) વિશુદ્ધ ચારિત્ર પણ સદા જયવંત છે; પાપરૂપી મળની અથવા કાદવની પંક્તિથી રહિત જેનું સ્વરૂપ છે એવી સહજ પરમતત્ત્વમાં સંસ્થિત ચેતના પણ સદા જયવંત છે.

સહજ જ્ઞાન સદા જયવંત છે. કયું સહજ જ્ઞાન? આત્માનું ધ્રુવ ત્રિકાળ એકરૂપ સહજ જ્ઞાન છે તે ત્રિકાળ જયવંત છે. નિજ કારણપરમાત્માનું સહજ જ્ઞાન ત્રિકાળ જયવંત છે. તેવાં ત્રિકાળ જ્ઞાનનું જ્ઞાન કરવું તે સમ્યગ્જ્ઞાન છે.

વળી જ્ઞાનની જેમ ત્રિકાળી સહજ દૃષ્ટિ પણ સદા જયવંત વર્તે છે. આત્મામાં સમ્યગ્દર્શન પર્યાય તો નવી પ્રગટે છે પણ આ સહજ દૃષ્ટિ ત્રિકાળ જયવંત વર્તે છે. તેની દૃષ્ટિ કરવી તે સમ્યગ્દર્શન છે.

તેવું જ સહજ વિશુદ્ધ ચારિત્ર પણ વસ્તુ સ્વરૂપમાં સદા જયવંત વર્તે છે. મોક્ષનું કારણ જે સમ્યક્ચારિત્ર નવું પ્રગટે છે તેની આ વાત નથી. પણ આ તો આત્માના સ્વરૂપમાં અનાદિ-અનંત સહજ ચારિત્ર જયવંત વર્તે છે. તેની દૃષ્ટિ-જ્ઞાન ને રમણતા કરવી તે મોક્ષનું કારણ છે.

"પાપસમૂહરૂપી મળની અથવા કાદવની પંક્તિથી રહિત જેનું સ્વરૂપ છે એવી સહજપરમતત્ત્વમાં સંસ્થિત ચેતના પણ સદા જયવંત છે."

પુણ્ય અને પાપ બંને સંસારનું કારણ છે તેથી તે બંને પાપ છે. આત્મા ત્રિકાળ તેનાથી રહિત સહજ પરમતત્ત્વ છે; ચૈતન્યસ્વરૂપથી વિરુદ્ધ વૃત્તિ થાય તે બધું પાપ છે,

કારૂપ છે; તે ચૈતન્યના નિર્મળસ્વરૂપમાં નથી. એવા ત્રિકાળી સહજ પરમતત્ત્વમાં સંસ્થિત ચેતના પણ સદા જયવંત છે. આત્મા ત્રિકાળચૈતન્યમૂર્તિ વિકારના અભાવસ્વરૂપ જ છે. વિકાર ટાળવો ને મુક્તિ થવી તે મૂળ ત્રિકાળી સ્વરૂપ નથી. તે તો નવી દશા છે. ત્રિકાળી સ્વરૂપ તો અનાદિ-અનંત એકરૂપ છે. વિકાર કરવો અને ટાળવો એવા બે પ્રકાર પણ તેનામાં નથી. એવા એકરૂપ ચિદાનંદતત્ત્વની દૃષ્ટિ તે જ સમ્યગ્દર્શન છે.

લોકોને આવા અંતરતત્ત્વની વાત દુર્લભ થઈ ગઈ છે. પ્રથમ તો અધ્યાત્મ ગ્રંથોનું શ્રવણ મળવું બહુ દુર્લભ છે, ને શ્રવણ મળે તો તેનું યથાર્થ જ્ઞાન થવું તે દુર્લભ છે. સાચા જ્ઞાની ધર્માત્મા મળે અને તેના સમાગમે અધ્યાત્મગ્રંથ શું કહે છે તેનું યથાર્થ જ્ઞાન કરવું જોઈએ. તે સિવાય સાચું જ્ઞાન થતું નથી.

ભગવાન કારણપરમાત્મા તે જ મુખ્ય વસ્તુ છે. મોક્ષ પ્રગટે તે પણ મુખ્ય વસ્તુ નથી. રાગરૂપ કર્મચેતના કે હર્ષ-શોકને ભોગવું એવી કર્મફળચેતના તો આત્માનું સ્વરૂપ નથી પણ નિર્મળ જ્ઞાન પ્રગટે તે પણ આત્માનું ત્રિકાળી સ્વરૂપ નથી. આત્મા તો ત્રિકાળ સહજ ચેતનામય છે ને ચૈતન્ય પરમતત્ત્વમાં સંસ્થિત સહજ ચેતના ત્રિકાળ જયવંત વર્તે છે, સમયે સમયે સ્વરૂપના આનંદનો ધ્રુવ અનુભવ કરનારી સહજચેતના ત્રિકાળ જયવંત વર્તે છે. આવો આત્મા જ પરમતત્ત્વ છે. સંવર-નિર્જરા મોક્ષ પણ પરમતત્ત્વ નથી; ત્રિકાળી પરમતત્ત્વમાં સ્થિત ચેતના જયવંત વર્તે છે—એમ માંગળિક વચન કહીને શુદ્ધભાવ અધિકાર પૂરો કરે છે.

ત્રિકાળી ભગવાન એવો ને એવો બિરાજે છે. તે જ આદરણીય છે. સંસાર અને મોક્ષ તે બન્ને વ્યવહારનયનો વિષય છે. તે એક સમય પૂરતા છે ખરા પણ આદરણીય નથી.

આવા તત્ત્વની શ્રદ્ધા-જ્ઞાન-રમણતારૂપ નિશ્ચયરત્નત્રય તે મોક્ષમાર્ગ છે. એવી મુનિદશા પ્રગટ્યા પછી વિકલ્પ ઊઠતાં સાથે વ્યવહારચારિત્ર કેવું હોય તે હવેના અધિકારમાં કહેશે.

આ રીતે સુકવિજનરૂપી કમળોને માટે જેઓ સૂર્ય સમાન છે અને પાંચ ઇન્દ્રિયોના ફેલાવ રહિત દેહમાત્ર જેમને પરિગ્રહ હતો એવા શ્રી પદ્મપ્રભમલધારિદેવ વડે રચાયેલી નિયમસારની તાત્પર્યવૃત્તિ નામની ટીકામાં (અર્થાત્ શ્રીમદ્ ભગવત્ કુંદકુંદાચાર્યદેવ-પ્રણીત શ્રી નિયમસાર પરમાગમની નિર્ગ્રંથ મુનિરાજ શ્રી પદ્મપ્રભમલધારિદેવ વિરચિત તાત્પર્યવૃત્તિ નામની ટીકામાં) શુદ્ધભાવ અધિકાર નામનો ત્રીજો શ્રુતસ્કંધ સમાપ્ત થયો.

# વૈરાગ્યજનની : બાર ભાવના

[ શ્રી સ્વામી કાર્તિકેયાનુપ્રેક્ષા ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન ]

બાર અનુપ્રેક્ષામાં આ લોક-અનુપ્રેક્ષા છે. પદાર્થનું જેવું સ્વરૂપ છે તેવું જાણીને, તેનું ચિંતવન કરતાં જ્ઞાનની એકાગ્રતા વધતી જાય છે તેનું નામ ખરી ભાવના છે. આત્મા જ્ઞાન-આનંદસ્વરૂપ છે, રાગ કે જડની ક્રિયાનો અંશ પણ મારો નથી, આવું જ્ઞાયક આત્માનું ભાન થાય તેનું નામ સમ્યગ્દર્શન ને સમ્યગ્જ્ઞાન છે. પછી જ્ઞાયકસ્વભાવની દૃષ્ટિપૂર્વક બાર ભાવના ભાવતાં રાગ ટળતો જાય ને વીતરાગતા વધતી જાય તેનું નામ સંવર-નિર્જરા છે.

અહીં ગાથા-૨૮૨ માં એમ કહે છે કે સર્વજ્ઞદેવે જે પ્રમાણે જીવાદિ તત્ત્વોનું સ્વરૂપ કહ્યું છે તે પ્રમાણે તેને જે નથી જાણતો તે જીવ વિષય-કષાયને વશ થાય છે. ચૈતન્યસ્વભાવની દૃષ્ટિ કરીને તેની ભાવના જે ભાવે છે, તે જીવ વિષય-કષાયને વશ થતો નથી.

ભાવાર્થ :—સંસારનું બંધન પરિગ્રહ છે. જે સર્વ પરિગ્રહને છોડે તે જ સ્ત્રી-ઇંદ્રિય-કષાયાદિને વશીભૂત થતો નથી. સર્વ ત્યાગી થઈ શરીરનું પણ મમત્વ ન રાખો તો તે નિજસ્વરૂપમાં જ લીન થાય છે.

સૌથી મોટો પરિગ્રહ તે મિથ્યાત્વ છે, તે મિથ્યાત્વ જ સૌથી મોટું બંધન છે. જે જીવ "સિદ્ધસમાન પોતાના આત્માનું" ભાન કરીને સમ્યગ્દર્શન કરે તેને મિથ્યાત્વનો પરિગ્રહ છૂટે છે. ભલે બહારમાં સ્ત્રી આદિનો ત્યાગી થઈને બેઠો હોય, પણ અંતરમાં નિષ્પરિગ્રહી ચિદાનંદસ્વભાવની દૃષ્ટિ નથી તે મૂઢ જીવ વિષયોને વશ પડ્યો છે. અંતરમાં ચૈતન્યસ્વભાવને વશ નથી તે જીવ ઇન્દ્રિયોને વશ થયા વિના રહેતો નથી. ભગવાન આત્માના ચિદાનંદ અકષાય શાંતસ્વભાવની જેને ખબર નથી તે જીવ કષાયોને વશ છે. ચૈતન્યસ્વભાવની દૃષ્ટિ પછી તેની વિશેષ ભાવનાથી તેમાં લીનતા વડે જેણે રાગાદિ પરિગ્રહને પણ છોડ્યો છે એવા મુનિવરોને સંસારનું બંધન થતું નથી. સંત મુનિને બહારમાં વસ્ત્રાદિ પરિગ્રહ હોતો નથી ને અંદરમાં મિથ્યાત્વ-રાગાદિનો પરિગ્રહ નથી. આવા સંતો નિજસ્વરૂપમાં લીન થાય છે, તેમને મુક્તિ થાય છે.

બાર ભાવનામાં આ દસમી ભાવના છે. આ લોકભાવનાની ૧૬૯ ગાથાઓ છે. તેમાં હવે છેલ્લી ગાથામાં લોક-અનુપ્રેક્ષાનો મહિમા અને તેના ચિંતવનનું ફળ કહે છે—

एवं लोकस्वभावं यः ध्यायति उपशमकैसद्भावः ।
सः क्षपयित्वा कर्मपुञ्ज तस्य एव शिखामणिः भवति ॥२८३॥

અર્થ:—જે પુરુષ ઉપશમ કરી એક સ્વભાવરૂપ થયો થકો આ પ્રમાણે લોકસ્વરૂપને ધ્યાવે છે-ચિંતવન કરે છે તે પુરુષ ક્ષપિત-નાશ કર્યો છે કર્મપુંજ જેણે એવો, એ લોકનો જ શિખામણિ (ચૂડામણિ) થાય છે. ૨૮૩.

હું સચ્ચિદાનંદ સિદ્ધસમાન છું-એમ સ્વભાવનું ભાન કરીને જે જીવ ઉપશમ પામ્યો છે...શાંત...શાંત...શાંતસ્વરૂપમાં ઠર્યો છે, સ્વભાવની એકતારૂપ થયો છે એવા જીવને લોકભાવના હોય છે. આ ભાવનાઓમાં ખંડખંડ ઉપર દૃષ્ટિ નથી પણ એકરૂપ સ્વભાવ ઉપર દૃષ્ટિ છે એટલે સ્વભાવની એકતા વધતી જાય છે. જેને એકરૂપ જ્ઞાયકસ્વભાવની દૃષ્ટિ થઈ છે ને અંતરમાં શાંત-શાંત ઉપશમરસમાં ઠર્યો છે—એવા જીવને લોકભાવના હોય છે. આવા આત્માનું ભાન પણ ન હોય ને સ્વર્ગ-નરક વગેરેના વિચાર કરે તો તેને કાંઈ લોકભાવના કહેતા નથી. લોકભાવના તે તો સંવરનો પ્રકાર છે. લોકના બધા પદાર્થોમાં ચિદાનંદસ્વભાવી આત્મા જ ઉત્કૃષ્ટ છે. જે જીવ એવા ચિદાનંદ સ્વભાવની સન્મુખ થઈને લોકના સ્વરૂપને યથાર્થ ચિંતવે છે, તે જીવ લોકનો શિખામણિ થાય છે એટલે કે સિદ્ધ થઈને લોકાગ્રે બિરાજે છે. જુઓ, ચૈતન્યસ્વભાવમાં એકતા કરીને જે લોકભાવના ભાવે છે તે જીવ લોકનો શિખામણિ થાય. સિદ્ધ ભગવંતો લોકના મુગટમણિ છે.

ભાવાર્થ:—એ પ્રમાણે (જે પુરુષ) સામ્યભાવ કરી લોકાનુપ્રેક્ષાનું ચિંતવન કરે છે તે પુરુષ કર્મનો નાશ કરી લોકના શિખરે જઈ વિરાજમાન થાય છે અને ત્યાં અનંત, અનુપમ, બાધારહિત, સ્વાધીન, જ્ઞાનાનંદસ્વરૂપ સુખને અનુભવે છે.

જુઓ, એકલા ત્રણલોકના આકાર તથા સ્વર્ગ-નરકાદિનો વિચાર કરે તે તો શુભરાગ છે; અહીં તો કહે છે કે એક સ્વભાવરૂપ થઈને ઉપશમભાવમાં જે ઠર્યો છે એવો જીવ લોકભાવના ભાવે છે ને તે જીવ આત્માના આનંદમાં સ્થિર થતાં થતાં પૂર્ણાનંદમય સિદ્ધદશા પામે છે ને લોકના શિખરે જઈને અનંત સિદ્ધોની સાથે બિરાજે છે. અહો! સિદ્ધ ભગવંતોના સુખ સમાન જગતમાં કોઈ સુખ નથી. સિદ્ધોનું સુખ અનુપમ છે, તેને કોઈની ઉપમા આપી શકાય એમ નથી. ચક્રવર્તીના વૈભવસુખથી અનંતગણું સુખ સિદ્ધનું છે એમ કહેવાથી પણ સિદ્ધના સુખનું વર્ણન થઈ શકતું નથી. માટે સિદ્ધ ભગવાનનું સુખ અનુપમ છે, અનંત છે, સદાય એવું ને એવું રહેનાર છે. બાધારહિત અને સ્વાધીન છે, પોતાના આત્મસ્વભાવથી જ ઉત્પન્ન થયેલું છે. આવી જ્ઞાનાનંદમય અપૂર્વ સિદ્ધદશા પ્રાપ્ત થાય તે આ લોકભાવનાનું ફળ છે.

અહીં લોકભાવનાનું કથન વિસ્તારપૂર્વક કરવાનો આશય એવો છે કે અન્યમતી લોકનું સ્વરૂપ, જીવનું સ્વરૂપ તથા હિતાહિતનું સ્વરૂપ અનેક પ્રકારથી અન્યથા, અસત્યાર્થ અને પ્રમાણ વિરુદ્ધ કહે છે. તેને સાંભળી કોઈ જીવ તો વિપરીત શ્રદ્ધાન કરે છે, કોઈ સંશયરૂપ થાય છે તથા કોઈ અનધ્યવસાયરૂપ થાય છે. અને એવા વિપરીત શ્રદ્ધાનથી, સંશયથી કે અનધ્યવસાનથી ચિત્ત સ્થિરતા પામતું નથી, ચિત્ત સ્થિર-નિશ્ચલ થયા વિના યથાર્થ ધ્યાનની સિદ્ધિ થતી નથી અને ધ્યાન વિના કર્મોનો નાશ થતો નથી તેથી એ વિપરીતાદિ શ્રદ્ધાન દૂર થવા માટે લોકનું અને જીવાદિ પદાર્થોનું યથાર્થ સ્વરૂપ જાણવા અર્થે અહીં વિસ્તારપૂર્વક કથન કર્યું છે તેને જાણી જીવાદિનું સ્વરૂપ ઓળખી પોતાના સ્વરૂપમાં ચિત્તને નિશ્ચળ સ્થિર કરી કર્મકલંક નાશ કરી ભવ્યજીવ મોક્ષને પ્રાપ્ત થાઓ! એવો શ્રી ગુરુઓનો ઉપદેશ છે.

સમકિતી શુભ-અશુભ બન્ને ભાવને ઝેર માને છે. માછલું અગ્નિમાં અથવા રેતીમાં પડે ને દુઃખી થાય તેમ જ્ઞાની શુભાશુભ ભાવને દુઃખરૂપ માને છે. ઇંદ્ર, ચક્રવતીના સંયોગી સુખ નાશ પામે છે. સ્વભાવથી ઉત્પન્ન સિદ્ધ ભગવાનનું સુખ અવિનાશી છે. સર્વજ્ઞ વીતરાગે કહેલ ધર્મ, મોક્ષમાર્ગ, મોક્ષ, સ્વર્ગાદિ, નવતત્ત્વાદિ જ પૂર્વાપરવિરોધ રહિત છે. તેને જેઓ શંકા, વિપરીતતા અને અચોકકસતાથી વિપરીતતાથી માન્યા કરે છે તેઓનું ચિત્ત સ્થિર થતું નથી, તેથી નિઃશંક જ્ઞાતામાત્ર સ્વરૂપમાં ઢળી એકાગ્ર થવાનું સામર્થ્ય તેઓ પ્રગટ કરી શકતા નથી ને તે વિના મલિનતાનો નાશ થઈ સત્ય સુખ પ્રગટ થાય નહીં. પ્રથમ નિશ્ચય સમ્યગ્દર્શન તે જ આત્મધ્યાન છે. સર્વજ્ઞે જેવું જીવાદિનું સ્વરૂપ કહ્યું છે તેવું જ ઓળખી, ચિત્તને અંતર્મુખ નિશ્ચલ કરી કર્મમળ નાશ કરી ભવ્ય જીવ મોક્ષદશા પ્રગટ કરો એવો શ્રી ગુરુઓનો ઉપદેશ છે.

જેઓ લોકાકારનો વિચાર કરી સિદ્ધ સમાન સદા પદ મેરો, અશરીરી નિર્વિકાર અખંડ જ્ઞાનાનંદથી પૂર્ણ એવા આત્મસ્વરૂપની શ્રદ્ધા કરે છે, સંભાળ કરે છે, તેના રાગ-દ્વેષનો નાશ થાય છે ને તે સાદિ-અનંતપૂર્ણ સુખરૂપ મોક્ષસ્વરૂપમાં વસે છે. આધિ ( સંકલ્પ-વિકલ્પરૂપ મનની ચિંતા ) વ્યાધિ ( શરીરની ચિંતા ), ઉપાધિ ( બહારની ચિંતા ) તથા જન્માદિ દુઃખ સિદ્ધ ભગવાનને નથી. શ્રી ગુરુની શિક્ષાધારી પર્યાયબુદ્ધિનું અભિમાન ટાળને મનની સ્થિરતા માટે નિજ જ્ઞાયકસ્વરૂપ લોકને અવલોક.

## [ ૧૧. બોધિદુર્લભ અનુપ્રેક્ષા ]

जीवः अनन्तकालं वसति निगोदेषु आदिपरिहीनः ।
ततः निःसृत्य पृथ्वीकायादिकः भवति ॥ २८४ ॥

અર્થ :— આ જીવ, સંસારમાં અનાદિકાળથી માંડી અનંતકાળ તો નિગોદમાં રહે છે અને ત્યાંથી નીકળી પૃથ્વી કાયાદિ પર્યાયને ધારણ કરે છે. અનાદિથી અનંતકાળ સુધી નિત્યનિગોદમાં જીવનો વાસ છે. ત્યાં એક શરીરમાં અનંતાનંત જીવોના આહાર, શ્વોસોશ્વાસ, જીવન-મરણ સમાન છે. એક શ્વાસના અઢારમાં ભાગ જેટલું આયુષ્ય છે. ત્યાંથી નીકળી કદાચિત્ પૃથ્વી-અપ-તેજ-વાયુકાય પર્યાય પામે છે. એ પર્યાયો પામવી દુર્લભ છે. ૨૮૪.

આ જીવ, સંસારમાં અનાદિકાળથી માંડી અનંતકાળ તો નિગોદમાં રહે છે જુઓ, મનુષ્યપણું દુર્લભ છે, તેમાં સાચી સમજણ ઘણી દુર્લભ છે. "મનુષ્યદેહના ટાણા રે વહાલા તને ફરી નહિ મળે રે" ઊંટના ભવમાં તને કાંટા ખાવા પડશે ને માર પડશે વગેરે તત્ત્વજ્ઞાન વિનાના વૈરાગ્ય ઘણા કરે તેની કિંમત નથી. મિથ્યાત્વરહિત જ્ઞાનગર્ભિત, નિત્યાનંદના મહિમાવાળો વૈરાગ્ય અપૂર્વ છે. નિત્ય નિગોદમાંથી નીકળી પાંચ સ્થાવર એકેન્દ્રિય શરીર પામે છે.

નિત્ય નિગોદમાં એક શરીરમાં અનંતા જીવો, તેનો આહાર, શ્વાસ, જીવન, મરણ સમાન છે, એક શ્વાસના અઢારમાં ભાગ જેટલું આયુષ્ય છે. માંડ માણસ થાય ત્યાં અભિમાનમાં આંધળો થાય છે. આગળ કહેશે કે અનંત પ્રકારે સર્વજ્ઞકથિત ધર્મ પામવો દુર્લભ છે.

तत्र अपि असंख्यकालं बादर सूक्ष्मेसु करोति परिवर्तनम् ।
चिंतामणिवत् दुल्लभं त्रसत्वं लभते कष्टेन ॥ २८५ ॥

અર્થ :—ત્યાં પૃથ્વીકાય આદિ સૂક્ષ્મ તથા બાદરકાયોમાં અસંખ્યાત કાળ ભ્રમણ કરે છે. ત્યાંથી નીકળી ત્રપપણું પામવું ઘણાં કષ્ટે પણ દુર્લભ છે. જેમ ચિંતામણિ પામવો દુર્લભ છે તેમ. ૨૮૫.

પૃથ્વીકાય આદિમાં સૂક્ષ્મ તથા બાદર કાયોમાં અસંખ્ય કાળ ભમે છે, ત્યાંથી નીકળી ત્રસપણું પામવું દુર્લભ છે. જેમ ચિંતામણિરત્ન દુર્લભ છે તેમ હિત-અહિતનો નિર્ણય કરી અંદરમાં ચૈતન્ય ભગવાનપણું જાગ્રત કરવાનાં ટાણા આવ્યા છે. તેમાં પુરુષાર્થ કરે તો સુલભ છે.

विकलेन्द्रियेषु जायते तत्र अपि आस्ते पूर्वकोटयः ।
ततः निःसृत्य कथमपि पञ्चेन्द्रिय भवति ॥ २८६ ॥

અર્થ :—સ્થાવરમાંથી નીકળી ત્રસ થાય ત્યાં પણ બેઇન્દ્રિય ત્રણઇન્દ્રિય ચાર ઇન્દ્રિયરૂપ વિકલત્રયપણાને પામે. ત્યાં (ઉત્કૃષ્ટ) કરોડો પૂર્વ રહે છે. ત્યાંથી નીકળી

મહાકષ્ટેથી પંચેન્દ્રિયપણું પામે છે. ૨૮૬.

એકેન્દ્રિયમાંથી નીકળી ત્રસ વિકલેંદ્રિય થાય. બે-ત્રણ-ચાર ઇંદ્રિયવાળા ને વિકલત્રય કહે છે. ત્યાં કરોડો પૂર્વ રહે છે. ત્યાંથી નીકળી પંચેન્દ્રિયપણું પામવું દુર્લભ છે.

सः अपि मनसा विहीनः न च आत्मनं परं अपि जानाति ।
अथ मनःसहितः भवति स्फुटं तथा अपि तिर्यक् भवेत् रुद्रः ॥२८७॥

અર્થ :—વિકલત્રયમાંથી નીકળી પંચેન્દ્રિય કદી થાય તો અસંજ્ઞી-મનરહિત થાય છે. ત્યાં સ્વ તથા પરનો ભેદ જાણતો નથી. કદાચિત્ મનસહિત સંજ્ઞી પણ થાય તો રુદ્ર તિર્યંચ થાય છે અર્થાત્ બિલ્લી, ઘુવડ, સર્પ, સિંહ અને મચ્છાદિ ક્રુર તિર્યંચ થાય છે. ૨૮૭.

અહો આવી દુર્લભતા જાણી, સ્વસન્મુખ થવાનો ઉપદેશ છે. મનવાળો પંચેન્દ્રિય પશુ થાય તો રૌદ્ર-ક્રૂરપરિણામી બિલ્લી, ઘુવડ, સર્પ, સિંહ, મચ્છાદિ થાય તો સર્વજ્ઞનો ધર્મ, તેનું શ્રવણ, ગ્રહણ, ધારણ અને અનુભવન દુર્લભ છે એમ સમજી સાચા માર્ગનો મહિમા લાવી સમ્યક્ રત્નત્રય શીઘ્ર અંગીકાર કરો એમ ઉપદેશ છે. ચૈતન્યહીરલો ચિદાનંદ સુખરાશી સિદ્ધસ્વરૂપી શું છે? તેનું ભાન ક્રૂરપશુઓને હોતું નથી તેથી તે પરમ દુર્લભ છે.

सः तीव्राशुभलेश्यः नरके निपतति दुःखदे भीमे ।
तत्र अपि दुःखं भुङ्क्ते शारीरं मानसं प्रचुरम् ॥ २८८ ॥

અર્થ :— ક્રૂર તિર્યંચ થાય તો તે તીવ્ર અશુભપરિણામથી અશુભ લેશ્યા સહિત મરી નરકમાં પડે છે. કેવું છે નરક? મહા દુઃખદાયક અને ભયાનક છે. ત્યાં શરીર-સંબંધી તથા મનસંબંધી પ્રચુર (ઘણાં તીવ્ર-આકરાં) દુઃખ ભોગવે છે. ૨૮૮.

ક્રૂર પશુઓ છે તે તીવ્ર પાપભાવથી મરીને નરકમાં પડે છે કેવું છે તે નરક? મહા દુઃખદાયક અને ભયાનક છે, ત્યાં શરીર-મન-સંબંધી આકરાં દુઃખ અબજો વર્ષ ભોગવે છે.

અહીં મનુષ્ય થયો ત્યાં મધ, માંસ, દારૂ, ઇંડા, કોડલીવર, હિંસા, જૂઠ, વ્યભિચાર, આદિ કુકર્મ સેવે તે નરકમાં અસંખ્ય વર્ષ મહાપાપના ફળ ને ભોગવે છે. જુવાનીની ફાટ હોય, લોહી ચટકા ભરતું હોય, તેથી કોઈ સારી શિખામણ માને નહીં. વળી કોઈ ધર્મના વાડામાં આવે ત્યાં કુગુરુના પક્ષમાં પડી, કદાગ્રહમાં ફસાઈ સાચાની નિંદા કરે. આમ અનંત પ્રકારે સત્ય ધર્મની દુર્લભતા જાણી સ્વસન્મુખતાનો ઉપાય જલદી કરવાનો ઉપદેશ છે. [ ક્રમશઃ ]

# પરમાર્થ સ્વરૂપ જીવ કેવો છે?

[ શ્રી સમયસાર ગાથા ૪૯ ઉપર પરમ પૂજ્ય ગુરુદેવના પ્રવચનોમાંથી ]

આ ગાથા અલૌકિક છે, તેથી શ્રી કુંદકુંદાચાર્યદેવ રચિત દરેક શાસ્ત્રમાં આ ગાથા આવે છે. તેમ જ ધવલના ત્રીજા ભાગમાં પણ આ ગાથા આવે છે. આ ગાથામાં જીવના વાસ્તવિક સ્વરૂપનું અચિંત્ય અને અલૌકિક વર્ણન છે. જીવના એ વાસ્તવિક સ્વરૂપની દૃષ્ટિ કરવાથી સમ્યગ્દર્શનરૂપી ધર્મ પ્રગટ થાય છે.

* જેને આત્માના ચૈતન્યરસનું સાચું જ્ઞાન નથી તેને પુદ્‌ગલમાં (ખાટો-મીઠો આદિ) રસગુણ છે તેનું સાચું જ્ઞાન હોતું નથી. જેને સ્વરૂપગ્રાહીજ્ઞાન નથી તેને પુદ્‌ગલનો રસગુણ મારામાં નથી એવું વાસ્તવિક જ્ઞાન હોતું નથી. જેને આનંદનો નાથ એવા ચૈતન્યપ્રભુથી અભિન્ન છું ને પુદ્‌ગલથી ભિન્ન છું એવું સ્વરૂપગ્રાહીજ્ઞાન નથી તેને પુદ્‌ગલનું પણ સાચું જ્ઞાન નથી.

* પોતાના સ્વભાવની દૃષ્ટિથી જોવામાં આવે તો જીવ એકલો પારિણામિકભાવે, જ્ઞાયકભાવરૂપે છે. એના જ્ઞાન-દર્શન આદિ ગુણો ધ્રુવરૂપે છે, એવા કાયમીભાવે, ધ્રુવભાવે, સતભાવે જોવામાં આવે તો ક્ષાયોપશમિક ભાવનો પણ તેને અભાવ હોવાથી તે ભાવેન્દ્રિયના આલંબન વડે પણ રસને ચાખતો નથી માટે અરસ છે. ત્રિકાળી સ્વભાવમાં ક્ષાયોપશમિક પર્યાયનો પણ અભાવ છે. ગજબ છે ને? અહીં તો થોડું જ્ઞાન ખીલે ત્યાં એને અભિમાન થઈ જાય છે. અરે! ૧૧ અંગનું જ્ઞાન થઈ જાય તોપણ ત્રિકાળી જ્ઞાયક આત્મામાં તેનો અભાવ છે. જેને આવા ક્ષાયોપશમિકભાવમાં અહંપણું થઈ જાય છે તે ત્રિકાળી ભાવનો તિરસ્કાર કરે છે, અનાદર કરે છે. અહીં કહે છે કે રસને જાણવાવાળી ક્ષાયોપશમિક અવસ્થા છે એનો પણ જ્ઞાયકભાવમાં અભાવ હોવાથી આત્મા રસને ચાખતો નથી માટે અરસ છે. (—અરસનો ચોથો બોલ)

* અરસના પાંચમા બોલમાં કહે છે કે સકલ વિષયોના વિશેષોમાં સામાન્ય એકરૂપ સ્વસંવેદન પરિણામરૂપ જાણવાનો તેનો સ્વભાવ હોવાથી તે કેવળ એક રસવેદના પરિણામને પામીને રસને ચાખતો નથી માટે અરસ છે. જેમ અરીસામાં કોલસો, અગ્નિ, બરફ આદિ અનેક વસ્તુ એકીસાથે દેખાય છે તેમાં કોલસાનું એકનું જ પ્રતિબિંબ પડે ને બીજાનું ન પડે એવું બનતું નથી, તેમ એકીસાથે બધા જ્ઞેયોને જાણવાનો આત્માનો

સ્વભાવ છે, તેમાં એક જ રસને જાણવું તેવો તેનો સ્વભાવ ન હોવાથી એકલા રસનું સંવેદન કરતો નથી માટે આત્મા અરસ છે.

* અરસનો છઠો બોલ: આત્માને સમસ્ત જ્ઞેયોનું જ્ઞાન થાય છે. પરંતુ સકલ જ્ઞેય-જ્ઞાયકનો એકરૂપ થવાનો નિષેધ હોવાથી રસના જ્ઞાનરૂપે પરિણમવા છતાં પણ પોતે રસરૂપે પરિણમતો નથી માટે અરસ છે. સમસ્ત જ્ઞેયોને એકસાથે જાણવાનો સ્વભાવ હોવાથી અગ્નિ આદિ જ્ઞેય છે તેમ જ્ઞાન જાણે છે, પણ અગ્નિ આદિમાં જ્ઞાન જતું નથી કે અગ્નિ આદિ જ્ઞાનમાં આવતાં નથી. જ્ઞેય-જ્ઞાયક બેનું એકપણું થતું નથી. અનંત જ્ઞેયોને જાણતો હોવા છતાં જ્ઞેયોમાં તાદાત્મ્યનો અભાવ હોવાથી રસ આદિ જ્ઞેયોરૂપે પરિણમતો નથી માટે આત્મા અરસ છે.

* અનિર્દિષ્ટસંસ્થાનના પહેલાં ૩ બોલમાં કહ્યું કે શરીર પુદ્દગલ વડે રચાયેલ હોવાથી તેમજ સંસ્થાન નામકર્મનો ઉદય પુદ્દગલમાં જ આવતો હોવાથી અને પોતાના નિયત સ્વભાવથી જ અનંતશરીરોમાં રહેતો હોવાથી જીવ અનિર્દિષ્ટસંસ્થાનવાળો છે. અનિર્દિષ્ટસંસ્થાનના ચોથા બોલમાં કહે છે કે જુદા જુદા સંસ્થાનરૂપે પરિણમેલી સમસ્ત વસ્તુઓના સ્વરૂપ સાથે જેની સ્વાભાવિક સંવેદનશક્તિ સંબંધિત છે એવો હોવા છતાં પણ જેને સમસ્ત લોકના સંબંધથી રહિત નિર્મળ અનુભૂતિ થઈ રહી છે એવો હોવાથી પોતે અત્યંતપણે સંસ્થાન વિનાનો છે, માટે અનિર્દિષ્ટસંસ્થાન છે. જુદા જુદા આકારરૂપે પરિણમેલી સમસ્ત વસ્તુ એમ કહીને એમ પણ કહ્યું કે આ લાડવા, રોટલી આદિના આકારરૂપે થયેલ પુદ્દગલો સ્વયં પરિણમે છે. પરિણમેલી શબ્દ ઉપર વજન છે, એટલે પુદ્દગલો સ્વયં પરિણમે છે એને બીજો કોઈ પરિણમાવતો નથી, પણ સમસ્ત વસ્તુઓ સ્વયં પરિણમે છે. તેના આકારે જ્ઞાન જાણવારૂપે પરિણમે છે, તોપણ સામી જ્ઞેય વસ્તુના કારણે જ્ઞાન પરિણમ્યું નથી પણ પોતાથી જ જાણવારૂપે પરિણમ્યું છે. સમસ્ત જ્ઞેય વસ્તુના આકારે જ્ઞાન પરિણમવા છતાં જ્ઞેયના સંબંધથી રહિત હોવાથી જીવ અનિર્દિષ્ટ-સંસ્થાનવાળો છે.

* અવ્યક્તના બોલ ચાલે છે, બહુ સૂક્ષ્મ છે, ધ્યાન રાખવાથી સમજાય તેવા છે, ભગવાન સર્વજ્ઞે ચૌદ બ્રહ્માંડ સ્વરૂપ લોકમાં જાતી અપેક્ષાએ છ દ્રવ્યો જોયા છે. સંખ્યાથી જીવ પુદ્દગલાદિ અનંતાનંત છે કે જેઓ જ્ઞેય છે, તેથી જાણવા લાયક છે. એક સમયની જ્ઞાનપર્યાય એટલી સામર્થ્યવાળી છે કે ચૌદ બ્રહ્માંડના પદાર્થોને એક સમયમાં કોળીયો કરી લ્યે છે, જાણી લ્યે છે, એ જાણવાનું સામર્થ્ય કેટલું છે તેનું માપ બતાવ્યું છે. એક સંપ્રદાય કહે છે કે જીવની દયા પાળવા માટે ભગવાને પ્રવચનો કહ્યાં છે. બીજો સંપ્રદાય કહે છે કે જીવોને ન મરવા માટે ભગવાને પ્રવચનો કહ્યાં છે, પણ તે બન્નેની

વાત ખોટી છે. અનંતા જીવો છે તેને જાણનાર એક સમયની જ્ઞાન પર્યાયનું સામર્થ્ય કેટલું મોટું છે તે બતાવવા ભગવાને પ્રવચનો કહ્યાં છે. સમસ્ત વસ્તુ પોતાના કારણે પરિણમેલી છે ને તેને જાણનાર જ્ઞાન છે તે પોતાના કારણે જાણવારૂપે પરિણમે છે. જ્ઞેયના લઈને જાણે છે તેમ નથી. અરે નાથ! તું સાંભળતો ખરો! ભગવાન કહે છે કે તું કોની રક્ષા કરનારો છો? દરેક પદાર્થો પોતપોતાથી જ રક્ષિત છે. તેનો તું જાણનાર છો. છતાં તેના લઈને નહિ, તું તારા લઈને જાણનાર છો. તું સમજણનો જ સંગ્રહાલય છો, આનંદનો કંદ પ્રભુ છો.

* છ દ્રવ્યસ્વરૂપ લોક તે જ્ઞેય છે તેનાથી જીવ ભિન્ન છે એટલે જીવ સાતમું દ્રવ્ય છે તેમ ધર્મદાસજીએ કહ્યું છે. છ દ્રવ્યસ્વરૂપ લોક તે વ્યક્ત છે તેથી બાહ્ય છે, તેનાથી જીવ અન્ય છે માટે અવ્યક્ત છે. લોક તે વ્યક્ત છે તેને જાણનાર ત્રિકાળીતત્ત્વ-જ્ઞાનગુણ તે અવ્યક્ત છે. એક સમયની જ્ઞાનપર્યાય પ્રગટ છે, તેનાથી ત્રિકાળીતત્ત્વ અવ્યક્ત છે—એવા જીવની દૃષ્ટિ કરવી તે સમ્યગ્દર્શન છે.

* આબાલ ગોપાલ સૌ જ્ઞાન જ કરી રહ્યા છે, સૌને જ્ઞાનનો જ અનુભવ થાય છે, રાગનો કે શરીરાદિનો અનુભવ થતો નથી. છતાં પરને કરું છું તેમ માને છે, થાય છે તો જ્ઞાન જ, પણ ભ્રમથી માને છે કે કર્તા છું. અરે ભગવાન! તારી મોટપ કેટલી છે અને તું તને કેટલો હીણો માની રહ્યો છો તેની તને સમજણ કરાવે છે. છ દ્રવ્યસ્વરૂપ લોક તે જ્ઞેય છે ને તેને જાણનાર એકસમયની જ્ઞાનપર્યાય છે, જ્ઞાનપર્યાયને અને જ્ઞેયને નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે, જ્ઞાનગુણ તો ધ્રુવ છે, તેની સાથે જ્ઞેય-જ્ઞાયક સંબંધ પણ નથી.

* છ દ્રવ્ય સ્વરૂપ લોક તે જ્ઞેય છે. તેથી તે પ્રગટ છે, બાહ્ય છે, તેનાથી જીવ અન્ય છે, તેથી ભિન્ન છે, અવ્યક્ત છે. સર્વજ્ઞ પર્યાયમાં જાણવાની કેટલી તાકાત છે તે બતાવવા અનંત પદાર્થો છે, અનંતા જીવો છે તેમ કહ્યું છે, પણ અનંતા જીવો બચાવવા લાયક છે માટે કહ્યાં છે તેમ નથી. જ્ઞેય હોવાથી જાણવા લાયક છે, પંચપરમેષ્ઠી ભગવાન અને ભગવાનની દિવ્યધ્વની પણ છ દ્રવ્ય સ્વરૂપ લોકમાં આવી જાય છે તેથી જાણવાલાયક છે તેમ કહ્યું છે, માનવા લાયક છે તેમ કહ્યું નથી. પરની દયા પાળવાનો ભાવ તે શુભરાગ છે, રાગમાં સ્વનો ઘાત થતો હોવાથી પરમાર્થે હિંસા છે. તે રાગ પણ જ્ઞાનમાં જાણવા લાયક હોવાથી જ્ઞેય છે, વ્યક્ત છે, પ્રગટ છે, તેનાથી જીવ ભિન્ન છે, અન્ય છે, માટે અવ્યક્ત છે.

* ગ્રંથાધિરાજ તારામાં ભાવો બ્રહ્માંડના ભર્યા છે એમ સ્તુતિમાં આવે છે ને!

આમાં બ્રહ્માંડના ભાવો ભર્યા છે. સંતોએ કરુણા કરી માર્ગ સહેલો કરી દીધો છે. સંતો એટલે કેવળીના કેડાયતો. જે છ દ્રવ્યને માને છે તે એક સમયની પર્યાયને માને છે, પણ પોતાના ત્રિકાળી દ્રવ્યને માને નહિ તો તે એકાંત મિથ્યાદૃષ્ટિ છે. દ્રવ્યસ્વરૂપ લોક પ્રગટ છે, વ્યક્ત છે, તેની અપેક્ષાએ જીવ અપ્રગટ છે, અવ્યક્ત છે, પણ પોતાની અપેક્ષાએ તો જીવ પ્રગટ જ છે વ્યક્ત જ છે.

* અવ્યક્તના બીજા બોલમાં કહે છે કે કષાયોનો સમૂહ એટલે પુણ્ય-પાપના ભાવ તે કષાયનો સમૂહ છે, તે ભાવકભાવ છે, એટલે કે કર્મનો ભાવ છે, તે વ્યક્ત છે. વિકારી કાર્યને ભાવક અર્થાત્ પુદ્ગલકર્મનો ભાવ કહીને જીવને તેનાથી ભિન્ન કહ્યો છે.

* ગાથા ૩૨ માં વિકારને ભાવકનો ભાવ કહ્યો છે કેમ કે વિકાર તે ખરેખર જીવનું કર્તવ્ય નથી. કર્મને અનુસરીને વિકાર થાય છે તેથી તેને ભાવકનો ભાવ કહ્યો છે. ગાથા ૩૨ માં ભાવકના ભાવને (વિકારને) જીતવાની વાત કરી છે, વિકારને થવા દીધો નહીં એટલે અંશે વિકારને જીત્યો તેમ ત્યાં વાત કરી છે. અહીં ગાથા ૪૯ માં ભાવકનો ભાવ વિકારી ભાવ છે ખરો, પણ જીવ તેનાથી ભિન્ન છે એમ સમ્યગ્દૃષ્ટિ જાણે છે; વિકારને હજુ જીત્યો નથી, પણ વિકારથી જીવ ભિન્ન છે, અન્ય છે, એવા જીવને જાણ એમ કહ્યું છે, વિકારને જાણ એમ નથી કહ્યું પણ તેનાથી જીવ અન્ય છે, અવ્યક્ત છે, એવા જીવને જાણવાનું કહ્યું છે.

* દયા-દાન-ભક્તિથી કલ્યાણ થાય એમ જે કહે છે તે બધાય મૂઢ જીવો છે, મિથ્યાદૃષ્ટિ છે. કષાયના સમૂહથી જીવ ભિન્ન છે તેની તે મૂઢ જીવોને ખબર નથી. આ તો વસ્તુસ્થિતિની વાત છે. આવી વાતો સાંભળવા મળવી તેને શાસ્ત્રકાર સૌભાગ્ય કહે છે. ધનવૈભવ મળે તેને સૌભાગ્ય કહેતા નથી.

* કષાયોનો સમૂહ એટલે ભાવક તે કર્મનો ભાવ છે, જીવનો ભાવ નથી. કષાયના ભાવની હયાતી છે, મોજુદગી છે, અસ્તિ છે, તેનાથી જીવ અન્ય છે, ભિન્ન છે, અવ્યક્ત છે, એવા જીવને તું જાણ એમ કહ્યું છે. કષાયના સમૂહને જાણ એમ કહ્યું નથી, પણ કષાયના સમૂહથી ભિન્ન ભગવાન આત્મા આનંદકંદ છે, શાંતિનો સાગર છે, નિરાકુળતાનો પિંડ છે, એવા આત્માને તું જાણ એમ કહ્યું છે. ભગવાન આત્માને ઓછો-અધિક કે વિપરીત માનતા તે જવાબ નહિ આપે. જેવા સ્વભાવે છે તેવો આત્માને જાણતા અતીન્દ્રિય આનંદ પ્રગટશે.

* અવ્યક્તના ત્રીજા બોલમાં કહે છે કે ચિત્સામાન્યમાં ચૈતન્યની સર્વવ્યક્તિઓ

નિમગ્ન છે, અંતર્ભૂત છે, માટે અવ્યક્ત છે. ચિત્સામાન્યમાં એટલે ત્રિકાળી ધ્રુવ વસ્તુમાં ચૈતન્યની સર્વવ્યક્તિઓ એટલે ભૂત-ભાવિની પર્યાયો અંતર્ભૂત છે, એમ ઉત્પાદ પર્યાય વર્તમાન પ્રગટ પર્યાય જાણે છે, કોઈનો એવો અભિપ્રાય કે ભૂત-ભાવિની પર્યાયો દ્રવ્યમાં અંતર્ભૂત છે તેમ વર્તમાન પર્યાય પણ અંતર્ભૂત થઈને દૃષ્ટિનો વિષય છે. પરંતુ તે વાત બરાબર નથી. વર્તમાન પર્યાય તો પ્રગટરૂપ છે, તે પર્યાય તો નિર્ણય કરનારી છે કે ભૂત-ભાવિની પર્યાયો દ્રવ્યમાં અંતર્ભૂત છે, પ્રગટરૂપ નથી, પણ યોગ્યતારૂપ દ્રવ્યસામાન્યમાં છે. તેમ વર્તમાન પર્યાય જાણે છે-નિર્ણય કરે છે. નિર્ણય કરનાર પ્રગટ પર્યાય દ્રવ્યથી ભિન્ન રહીને નિર્ણય કરે છે, દૃષ્ટિના વિષયમાં તે ભળતી નથી, પણ ભિન્ન રહીને નિર્ણય કરે છે.

* ભૂતકાળમાં જે રાગાદિભાવો થયા હતા તે પર્યાયો દ્રવ્ય-સામાન્યમાં અંદર ગઈ છે પરંતુ તે પર્યાયો રાગાદિ ઉદય ભાવો રૂપે રહી નથી. સહજભાવે એટલે કે પારિણામિક ભાવરૂપ થઈને રહે છે, યોગ્યતા રૂપ રહે છે. ભૂત-ભાવિની પર્યાયો યોગ્યતા-રૂપ અંતર્ભૂત છે, સામાન્યરૂપ છે તેમ વર્તમાન ઉત્પાદ પર્યાય નિર્ણય કરે છે. નિર્ણય કરનારી પર્યાય તે પ્રગટ છે તેની અપેક્ષાએ ચિત્સામાન્ય અવ્યક્ત છે. દ્રવ્ય છે તો પ્રગટ જ, પણ ઉત્પાદ પર્યાયની અપેક્ષાએ દ્રવ્યને અપ્રગટ છે, અવ્યક્ત છે તેમ કહેવામાં આવે છે. જેમ દરિયો કાયમ રહે છે ને તરંગો પલટે છે તેમ ભગવાન આત્મા દરિયા સમાન કાયમ ધ્રુવ રહીને પર્યાયો પલટે છે. ભૂત-ભાવિની પર્યાયો કે જે થઈ ગઈ છે ને થવાની છે તે બધી દ્રવ્યસામાન્યમાં અંતર્ભૂત છે તેમ પ્રગટ પર્યાય જાણે છે.

* અવ્યક્તનો ચોથો બોલ કહે છે કે ક્ષણિક વ્યક્તિમાત્ર નથી માટે અવ્યક્ત છે. વર્તમાન પર્યાયના સ્વીકારમાં જ તારી નજરને રમતું થઈ છે. નથી બહારમાં રમ્યો કે નથી અંદર ચૈતન્યસામાન્યમાં રમ્યો, પર્યાયમાં જ રમ્યો છો, એ પર્યાયબુદ્ધિ મિથ્યાદૃષ્ટિ છે. ભાઈ! આ તારી મોટાઈની વાત ચાલે છે, મોટા ઘરના કહેણ પાછા ન ફરે. ભાઈ! તું શરીર આદિ રૂપે થયો જ નથી, વિકલ્પરૂપે પણ તું નથી અને ક્ષણિક-અવસ્થા જેટલો પણ તું નથી. ક્ષણિક વ્યક્તિ એટલે પર્યાય જેટલો તું નથી, ક્ષણિક વ્યક્તિ છે ખરી, પણ તું એટલો નથી. અંદર આનંદકંદપ્રભુરૂપે તું પૂરો છો. બે અંશ સ્વરૂપ વસ્તુ છે તેમાં એક અંશ પલટતો છે ને બીજો અંશ ધ્રુવરૂપ છે. તું પલટતી પર્યાય જેટલો નથી પણ ધ્રુવરૂપ છો.

* અવ્યક્તનો પાંચમો બોલ : વ્યક્તપણું તથા અવ્યક્તપણું મિશ્રિતરૂપે પ્રતિ-ભાસવા છતાં પણ તે વ્યક્તપણાને સ્પર્શતો નથી માટે અવ્યક્ત છે. વ્યક્તપણું એટલે પ્રગટ પર્યાય, અવ્યક્તપણું એટલે ત્રિકાળી ધ્રુવ દ્રવ્ય, તે બન્ને એક સમયમાં ભેગા

પ્રતિભાસવા છતાં, વ્યક્તપણાને સ્પર્શતો નથી. ભગવાન આત્મા ધ્રુવ છે તે વ્યક્ત પર્યાયને સ્પર્શતો નથી, અડતો નથી, માટે અવ્યક્ત છે. વર્તમાન પર્યાયમાં ક્ષણિકનું અને ધ્રુવ વસ્તુનું જ્ઞાન થાય છે તોપણ ધ્રુવ વસ્તુ ક્ષણિક પર્યાયને સ્પર્શતી નથી. જો ક્ષણિક પર્યાયમાં ધ્રુવ આવી જાય તો ધ્રુવવસ્તુનો નાશ થઈ જાય. વ્યક્તને તથા અવ્યક્તને જ્ઞાનની વ્યક્ત પર્યાય જાણે છે. વ્યક્ત પર્યાય પોતાને અને ધ્રુવદ્રવ્યને જાણે, તોપણ ધ્રુવ આત્મા વ્યક્ત પર્યાયને સ્પર્શતો નથી માટે અવ્યક્ત છે.

* છઠ્ઠા બોલમાં એમ કહ્યું છે કે ભગવાન આત્મા પોતે પોતાથી જ બાહ્ય-અભ્યંતર સ્પષ્ટ અનુભવાઈ રહ્યો છે અર્થાત્ પર્યાયમાં પર્યાયનો તથા ત્રિકાળીનો સ્પષ્ટપણે અનુભવ છે તોપણ, એક સમયના આનંદના અનુભવથી ઉદાસીન વર્તે છે ને ત્રિકાળી તરફ ઝુકી જાય છે, માટે અવ્યક્ત છે. વિકલ્પ, નિમિત્ત કે સંયોગની અપેક્ષા વિના પોતે પોતાથી જ પોતાને બાહ્ય-અભ્યંતર અનુભવે છે. બાહ્ય એટલે એક સમયની આનંદની પર્યાયને અનુભવે છે અને અભ્યંતર એટલે ત્રિકાળી ધ્રુવતત્ત્વ તેને પણ સ્પષ્ટ અનુભવે છે. ત્રિકાળી પોતે વેદનમાં આવતો નથી પણ ત્રિકાળીનું જ્ઞાન અનુભવમાં આવે છે. એ રીતે બાહ્ય-અભ્યંતર પ્રત્યક્ષ અનુભવાતો હોવા છતાં એક સમયના આનંદની પર્યાયમાં રોકાતો નથી, પણ તેનાથી ઉદાસીનપણે વર્તતો થકો ત્રિકાળી તરફ ઝુકે છે. પ્રગટ આનંદની વ્યક્તદશાથી ઉદાસીન વર્તતો હોવાથી ભગવાન આત્મા અવ્યક્ત છે.

## 卐 એક ચૈતન્યસ્વભાવને ગ્રહણ કર 卐

પોતાના સ્વરૂપધામમાં રહેનાર એવા મને જગતના કોઈ ભાવોની ઇચ્છા નથી. એક ચૈતન્યસ્વભાવને ગ્રહણ કરતાં મારી બધી ઇચ્છાઓ તૂટી ગઈ છે. બહારમાં પુણ્યના–વૈભવના ઢગલાઓ દેખાય, પણ મને એની ઇચ્છા નથી, જાતજાતનાં બહારનાં જ્ઞેયો છે પણ મને તેમનું આશ્ચર્ય નથી. અનંત કાળથી પુણ્યના ઠાઠનું આશ્ચર્ય લાગતું તે, ભ્રાંતિને લીધે મારી ભૂલ હતી, જે ભૂલને કારણે પરિભ્રમણ થયું અને ત્યાં આકુળતા ને ખેદ વેદ્યાં; હવે તો આ પુણ્યના વિલાસને છોડી હું મારા ચૈતન્યનિવાસમાં વસું છું.

— પૂજ્ય બહેનશ્રી

(તા. ૧૫-૨-૯૦)

# સુવર્ણપુરી સમાચાર–વિવિધ સમાચાર

—તંત્રી

* સ્વાનુભવપ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીની પવિત્ર તીર્થભૂમિ સોનગઢ—ભરતક્ષેત્રનું વિદેહધામ પ્રશમમૂર્તિ સ્વાનુભવવિભૂષિત અધ્યાત્મરત્ન પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનની દેવ-ગુરુભક્તિભીની તેમજ અધ્યાત્મરસપ્રધાન શીતલ છાયામાં નિયમિત અધ્યાત્મતત્ત્વપ્રમુખ ધાર્મિક કાર્યક્રમ તેમ જ વીતરાગ દેવ-શાસ્ત્ર-ગુરુ પ્રતિ ભક્તિભાવસ્યન્દી અનેકવિધ અવસરોથી સદાય ગૂંજતું રહે છે. પ્રાતઃ શ્રી જિનેન્દ્રપૂજા બાદ પૂજ્ય ગુરુદેવશ્રીના 'શ્રી સમયસાર' (પંદરમીવારના) તેમજ સાંજે 'શ્રી અષ્ટપાહુડ' (૧૯૭૦ના) ઉપર અધ્યાત્મરહસ્યભરપૂર ટેપ–પ્રવચન, બપોરે શાસ્ત્ર-પ્રવચન અને ત્યારબાદ જિનેન્દ્રભક્તિ, રાત્રે શ્રી ગોગીદેવી બ્ર૦ આશ્રમમાં બ્ર૦ બહેનો દ્વારા મહિલા–શાસ્ત્રસભા; વિશેષ પ્રસંગે આપણા આદરણીય પં૦ શ્રી હિંમતભાઈ જે. શાહ દ્વારા પૂજા તેમજ ભક્તિનો અત્યન્ત રોચક મનોજ્ઞ કાર્યક્રમ ઇત્યાદિ ક્રમ બરાબર ચાલે છે.

* સુવર્ણપુરીની અનુપમ શોભા, દેશનાલબ્ધિનું એકમાત્ર સાધન સ્વાનુભવવિભૂષિત પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબહેન સ્વાત્મસાધના સહિત સુખરૂપ બિરાજમાન છે; શારીરિક સ્વાસ્થ્ય ઠીક છે, સમાગત મહેમાનો તેમજ સ્થાનિક મુમુક્ષુઓને તેમના દર્શનનો તેમજ ક્યારેક ક્યારેક ધર્મચર્ચાનો લાભ મળે છે.

* શ્રી પંચમેરુ-નંદીશ્વરજિનાલયનો ૬ઠ્ઠો વાર્ષિક પ્રતિષ્ઠા–ઉત્સવ તા. ૨૮–૨–૯૦ બુધવાર થી ફાગણ સુદ ૭, શનિવાર, તા. ૩૦–૩–૯૦—ચાર દિવસ પંચકલ્યાણક પૂજન-વિધાન, નંદીશ્વરભક્તિ તેમ જ અધ્યાત્મજ્ઞાનોપાસના આદિ વિશેષ કાર્યક્રમ પૂર્વક ઉજવવામાં આવશે.

* ફાગણ માસની નંદીશ્વર–અષ્ટાહ્નિકા તા. ૪–૩–૯૦ થી તા. ૧૧–૩–૯૦ સુધી શ્રી નંદીશ્વરવિધાન પૂજા આદિ કાર્યક્રમ પૂર્વક ઉજવવામાં આવશે.

* શ્રી મહાવીર–કુંદકુંદ દિ. જૈન પરમાગમ મંદિરનો ૧૬મો વાર્ષિક પ્રતિષ્ઠા દિન ફાગણ સુદ–૧૩ તા. ૯–૩–૯૦ના રોજ પૂજાભક્તિના વિશેષ કાર્યક્રમ દ્વારા ઉજવવામાં આવશે.

* પરમ પૂજ્ય ગુરુદેવશ્રીની ૧૦૧મી મંગલકારી જન્મજયંતીના ઉપલક્ષમાં તા. ૧૨–૪–૯૦, ગુરુવારથી તા. ૨૬–૪–૯૦, ગુરુવાર (વૈશાખ સુદ–૨)—પંદર દિવસોનો પુરુષો માટેનો ધાર્મિક શિક્ષણ વર્ગ રાખવામાં આવશે; જેમાં ઉત્તમવર્ગમાં શ્રી સમયસાર–પૂર્વરંગ (ગાથા ૬ થી ૧૩) અને પંચાસ્તિકાય સંગ્રહ (ગાથા–૨૫૪ થી ૨૭૨) તથા મધ્યમ વર્ગમાં જૈન સિદ્ધાંત પ્રશ્નોત્તરમાળા અને છઢાળા ઉપર શિક્ષણ આપવામાં આવશે.

પૂજ્ય શ્રી કહાનગુરુની પ્રભાવના તથા પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના
મંગલ આશિષથી સાનંદોલ્લાસ સુસમ્પન્ન ભવ્ય

# શ્રી પંચકલ્યાણક પ્રતિષ્ઠા મહોત્સવ

[તા. ૨૪-૧-૯૦ થી તા. ૩૧-૧-૯૦]

દક્ષિણ ભારતના આન્ધ્ર પ્રદેશની રાજધાની ભાગ્યનગર ( હૈદ્રાબાદ )માં પરમ પૂજ્ય ગુરુદેવશ્રી તથા પૂજ્ય ભગવતી બહેનશ્રી ચંપાબેન પ્રતિ સહૃદય શ્રદ્ધા ભક્તિવન્ત હજારો મુમુક્ષુઓના અસાધારણ ઉત્સાહમય ભક્તિ ઉલ્લાસભીના વાતાવરણમાં વિ. સં. ૨૦૪૬ના પોષ વદી ૧૩, બુધવારથી મહા સુદી ૫ બુધવાર પર્યંત આઠ દિવસ સુધી દિગમ્બર જિન બિમ્બ પંચકલ્યાણકપ્રતિષ્ઠા મહોત્સવ ઉજવાયો હતો.

મુંબઈ, સોનગઢ, રાજકોટ, ભાવનગર, સુરેન્દ્રનગર, વઢવાણ, અમદાવાદ આદિ સૌરાષ્ટ્ર ગુજરાતનાં અનેક ગામોનાં તથા મદ્રાસ, બેંગલોર, સોલાપુર, કોઈમ્બતૂર આદિ દક્ષિણ ભારતનાં અનેક ગામોનાં બે હજારથી અધિક મુમુક્ષુઓ આ મંગલ મહોત્સવનો લાભ લેવાના હેતુથી આવેલા હતા.

પંચકલ્યાણક પ્રતિષ્ઠાની મંગલ વિધિ દિગમ્બરાચાર્ય પૂજ્યપાદ શ્રી વસુબિન્દુ (જયસેનાચાર્ય) લિખિત "પ્રતિષ્ઠાપાઠ" તથા શ્રી સીતલપ્રસાદજી દ્વારા સંકલિત "પ્રતિષ્ઠાસાર-સંગ્રહ"ના આધારે બિલકુલ શુદ્ધામ્નાયાનુસાર કરવામાં આવી હતી.

આ મંગલમહોત્સવની આશ્ચર્યકારક સફળતાનો મૂળ આધાર વીતરાગ જૈનધર્મની અસાધારણ પ્રભાવના-હેતુભૂત આપણા તારણહાર પરમોપકારી પૂજ્ય કહાન ગુરુદેવનો સાતિશય પ્રભાવનોદય જ છે, તેને મુમુક્ષુ જગતમાં ચમકાવવાનો અનુપમ યશ પ્રશમમૂર્તિ ભગવતી માતા પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનને છે. એમની કલ્યાણવર્ધિની આશિષછાયામાં અત્યંત આનંદોલ્લાસપૂર્વક ઉજવાયેલ આ મહોત્સવ પ્રસંગે અનેક મુમુક્ષુઓને પૂજ્ય ગુરુદેવશ્રીની મંગલ વાણી—એમનો ( બહેનશ્રી ચમ્પાબહેનનો ) જયજયકાર થશે, એમની મોટી શાનદાર ઉન્નતિ થશે, જે જીવશે તે એ જોશે. અલૌકિક દ્રવ્ય છે, એમની લાઈન જ જુદી છે—યાદ આવતી હતી, જેનાથી મુમુક્ષુઓનાં આત્મા ભક્તિભાવ અને પ્રસન્નતાથી દ્રવિત થતાં હતાં.

પ્રતિષ્ઠાની સમગ્ર વિધિ પૂજ્ય ગુરુદેવનાં અન્તેવાસી આત્માર્થી વિદ્વાનબ્રહ્મચારી ભાઈશ્રી ચંદુલાલભાઈ ઝોબાળિયા ( સોનગઢ ) તથા વઢવાણનિવાસી આત્માર્થી વિદ્વાન

ભાઈશ્રી વ્રજલાલભાઈ ગિરધરલાલ શાહે કરાવી હતી.

પ્રતિષ્ઠાની સમ્પૂર્ણ શુદ્ધ શાસ્ત્રોક્ત વિધિ કુશળતા પૂર્વક અને રોચક ભાવથી ઉપરોક્ત બન્ને બ્રહ્મચારી ભાઈઓએ કરાવવામાં જે પરિશ્રમ તેમણે લીધેલ હતો તે માટે જેટલું કહેવામાં આવે તેટલું ઓછું છે. ઉપસ્થિત મુમુક્ષુ સમાજમાંથી અનેક વડીલ હિન્દી ભાષી દિગંબર મુમુક્ષુ મહાનુભાવ એમની પ્રસન્નતા વ્યક્ત કરતાં અનેકવાર કહેતાં હતાં કે અમે અનેક બિમ્બપ્રતિષ્ઠા જોઈ છે પરંતુ પંચકલ્યાણકની આ પ્રતિષ્ઠાવિધિ આવી સરળ સુગમ તથા ભાવપૂર્ણ શૈલી શાસ્ત્રોક્ત, શુદ્ધ, દર્શનીય, ચિત્તાકર્ષક, ભાવવાહી તથા આનંદદાયી વિધાન અન્યત્ર ક્યાંય જોઈ નથી. પ્રારંભમાં પ્રત્યેક વિધિ સંક્ષેપમાં સમજાવાતી હતી જેથી શ્રોતાજનોને વિધિ સમજવામાં આનંદ આવતો હતો. બધાં જ વિધિવિધાન નહિ બહુ જલદી કે નહિ બહુ લંબાણ એમ નિશ્ચિત સમયાવધીમાં સમ્પન્ન થતાં હતાં. આ મંગલ મહોત્સવમાં પાઠ ઉચ્ચારની સ્પષ્ટતા સાથે અધ્યાત્મપ્રમુખ તત્વજ્ઞાન તથા હાર્દિક ભક્તિનો સુભગ સમન્વય મુમુક્ષુઓને અનુભૂત થતો હતો.

પ્રતિષ્ઠા મહોત્સવની વિધિનાં ક્રમ અનુસાર શાન્તિજાપ પ્રારંભ, જેની સાક્ષ્યમાં—મંગલ વર્ધક આશ્રયમાં જિનબિમ્બ પ્રતિષ્ઠા મહોત્સવ ઉજવાયો તે વિધિ અધ્યક્ષ ૧૦૦૮ શ્રી પરમ પૂજ્ય ભગવાન શ્રી ચન્દ્રપ્રભનાં પ્રતિષ્ઠિત જિનબિમ્બને શોભાયાત્રા પૂર્વક પ્રતિષ્ઠ મંડપમાં બિરાજમાન કરવાની મંગલ વિધિ, નાન્દીવિધાન (મંગલ કલશસ્થાપન) અખંડ-દીપ-પ્રદીપન, મંગલ ધ્વજારોહણ, પંચપરમેષ્ઠીમંડલવિધાનપૂજા, આચાર્ય-અનુજ્ઞા (પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનાં ચિત્રપટ સમક્ષ) ઈન્દ્રપ્રતિષ્ઠા, ઈન્દ્રોની શોભાયાત્રા, પ્રતિષ્ઠા વિધાનમાં આવશ્યક એવી (ઈન્દ્રો દ્વારા કરવાની) સંસ્કૃત પદ્યમય શ્રી યાગમંડલ પૂજા, જલયાત્રા, વેદી-કલશ-ધ્વજ-મંદિર-શિખર-શુદ્ધિ ઈત્યાદિ શાસ્ત્રોક્ત વિધિ ક્રમશઃ પૂરી કરીને તા. ૨૬-૧-૯૦ની રાત્રે વિધિનાયક ભગવાન શ્રી ઋષભનાથદેવની ગર્ભ કલ્યાણક પૂર્વક્રિયા કરવામાં આવી હતી. અહા એ વખતે યોજેલી અહમિન્દ્ર સભા, ઈન્દ્ર સભા તથા અન્તિમ કુલકર શ્રી નાભિરાજાની રાજસભા તથા તેનાં મનોજ્ઞ દ્રશ્યોની શું વાત કરવી? સર્વાર્થસિદ્ધિ નામક અનુત્તર વિમાન વાસી અહમિન્દ્ર શીઘ્ર-મનુષ્ય પર્યાય પ્રાપ્ત કરી ઉગ્ર સયમ સાધના માટે તડપતા હતાં. ઇન્દ્રસભા સ્વાનુભૂતિપ્રમુખ અધ્યાત્મ તત્વજ્ઞાન, તેમજ તીર્થંકર મહિમાની મધુરી ચર્ચાઓથી પ્રેક્ષકોનાં મનને હરી લેતી હતી. નાભિરાજાની રાજસભાનાં સભાસદ વિભિન્ન રાજ્યોનાં નરેશોની જિનેન્દ્ર મહિમા યુક્ત અધ્યાત્મ તત્વચર્ચા, મહારાણી મરુદેવીની સખીઓ સાથેની અધ્યાત્મ રસપ્રદ મનોહર તત્વગોષ્ઠિ તથા એમનાથી નિર્મિત જિનેન્દ્રભક્તિમય અનુપમ વાતાવરણ એ બધું ખરેખર અતિ અદ્‌ભુત હતું. શાસ્ત્રોક્ત વિધિ અનુસાર ક્રમશઃ સમ્પન્ન કરેલ ગર્ભ-કલ્યાણક, જન્મકલ્યાણક, સુમેરુપર્વતની પાંડુકશિલા ઉપર જન્માભિષેક, ઇન્દ્રો દ્વારા સ્તુતિ તથા તાંડવ-નૃત્ય, રાજ્યાભિષેક, ઋષભ-જન્મજયંતી ઉત્સવના દિને ઇન્દ્ર દ્વારા મોકલાયેલ

નિલાંજના અપ્સરાનું નૃત્ય તથા તેમનાં મૃત્યુ નિમિત્તક વૈરાગ્ય, લૌકાન્તિક દેવો દ્વારા વૈરાગ્યની પ્રશંસા, દીક્ષાકલ્યાણક, અંકન્યાસ, આહારદાન, ક્ષપકશ્રેણી આરોહણના મન્ત્ર સંસ્કાર, કેવળજ્ઞાનકલ્યાણક અને નિર્વાણકલ્યાણક સમારોપણનાં નિમિત્તે અન્ય ભક્તિપાઠપૂર્વક નિર્વાણભક્તિ, નિર્વાણ પૂજા ઇત્યાદિ ભક્તિભાવભીનાં આશ્ચર્યકારી અનુપમ દ્રશ્યો જોઈને પ્રેક્ષક–મુમુક્ષુ સમુદાયને અંતરમાં એવી અનુભૂતિ થતી હતી કે નિર્મળ સમ્યગ્દર્શનની ઉત્પત્તિ માટે જિન-આગમોમાં બાહ્ય નિમિત્ત કારણરૂપે "જિનેન્દ્રમહિમાદર્શન" (પંચકલ્યાણક પ્રતિષ્ઠાદર્શન) કહેલ છે એ વસ્તુતઃ સત્ય છે. અનેક મુમુક્ષુઓની ચિત્તભૂમિમાં ફરી ફરી સ્મરણ થતું હતું કે—

"કલ્યાણકાલ પ્રત્યક્ષ પ્રભુકો લખે જે સુરનર ઘને,
તિહ સમયકી આનંદ મહિમા કહત ક્યોં મુખસોં બને."

આ મંગલ પ્રતિષ્ઠાનાં સુવર્ણ અવસરે યોજેલી વિવિધ શોભાયાત્રાઓ પણ ઘણી ચિત્તાકર્ષક હતી. જન્મકલ્યાણકની મનમોહિની શોભાયાત્રા તથા પાંડુકશિલા ઉપરનાં જન્માભિષેકનાં ચિત્તહર દ્રશ્યોએ તો ભક્તોનાં મનોમંદિરને અતિશય પુલકિત કરી દીધાં હતા. ભાગ્યનગર (હૈદ્રાબાદ) સાચોસાચ અયોધ્યાનગર બની ગયું હતું. પંચકલ્યાણકપ્રતિષ્ઠાનો અનુપમ અવસર સુભાગ્યવશ જેમનાં પરમ પ્રતાપથી ઉપલબ્ધ થયો તે આપણા પરમ તારણહાર સ્વાનુભવપ્રેરણામૂર્તિ પરમ પૂજ્ય કહાન ગુરુદેવ તથા ઉપકારમૂર્તિ પ્રશમરસ સ્વાનુભવવિભૂષિત પૂજ્ય બહેનશ્રી ચંપાબેન પ્રતિ મુમુક્ષુ જગત ઉપકૃતતાની ભાવનાથી અસાધારણ ભાવથી ઉછળી જતું હતું. પરમોપકારી ઉભય ધર્માત્માઓનાં જયનાદથી વાતાવરણ આનંદયુક્ત થઈ જતું હતું. આ મંગલ મહોત્સવ પૂજ્ય ગુરુદેવશ્રીની જન્મ-શતાબ્દીસુઅવરે ઉજવાયાથી માનો કે આપણી વચ્ચે તેઓશ્રીની મંગળમયી કલ્યાણી ઉપસ્થિતિ હોય એવાં સાતિશય આનંદોલ્લાસ મુમુક્ષુઓનાં ઉભરાતાં હતાં. પૂજ્ય ગુરુદેવની સાક્ષાત ઉપસ્થિતિવત્ સ્થિતિ એ જ ઉત્સવની શાન–શોભા હતી. સાચોસાચ પૂજ્ય ગુરુદેવના પ્રભાવના ઉદયથી પ્રશમમૂર્તિ પૂજ્ય ભગવતી માતાની મંગલ આશિષ છાયામાં અસાધારણરૂપથી ઉજવાયેલાં આ મહોત્સવ ભાગ્યનગર (હૈદ્રાબાદ)નાં ઇતિહાસમાં સુવર્ણાક્ષરમાં અંકિત થઈ ગયેલ છે. એનાં પ્રતિઘોષ ચિરકાલ સુધી મુમુક્ષુ હ્રદયમાં ગૂંજતાં રહેશે.

આ શ્રી ઋષભનાથ પંચકલ્યાણકમાં નાભિરાજા તથા મરુદેવી માતા બનવાનું સૌભાગ્ય પ્રાણલાલભાઇ પુરુષોત્તમદાસ કામદાર (મુંબઇ) તથા તેમનાં ધર્મપત્ની ધનલક્ષ્મી બહેનને પ્રાપ્ત થયું હતું. સૌધર્મ આદિ ૧૨ ઇન્દ્ર, ૪ પ્રતિ–ઇન્દ્ર તથા કુબેર બનવાનું સૌભાગ્ય–અનુક્રમે (૧) સપાણી–પરિવાર, (૨) ગુલાબભાઈ સી. શાહ, (૩) નરેન્દ્રકુમાર એફ. દોશી, (૪) મહેન્દ્ર કલ્યાણજી લાલજી, (૫) વસન્તલાલ જે. કામદાર (૬) હસમુખલાલ એફ. દોશી

(૭) વિજયકુમાર ચીમનલાલ મોદી (૮) સપાણી-પરિવાર (૯) વિનોદરાય કાનજી કામદાર (૧૦) સપાણી-પરિવાર (૧૧) પંકજભાઈ સ્વાણી (૧૨) કિરીટકુમાર નાનચંદ મહેતા, (પ્રતિ-ઇન્દ્ર) : (૧) મગનલાલ મૂળજી મારુ (૨) કીર્તિકુમાર ઝોબાલીયા, (૩) પ્રવિણચન્દ્ર મગનલાલ દોશી (૪) ફુલચંદ હંસરાજ દોશી, અને (કુબેર) હિંમતલાલ છગનલાલને સંપ્રાપ્ત થયેલ. આહારદાનનો લાભ શ્રી આનંદકુમારજી જૈન, હા. શ્રી મમતાબહેન જૈન-ને મળેલ હતો.

આ મંગલ મહોત્સવમાં જે મહાનુભવોને પુણ્યોપાર્જિત પોતાની શ્રીનો સદ્વ્યય કરવાનો અલભ્ય લાભ પ્રાપ્ત થયો હતો તેમાં શ્રી પુરુષોત્તમદાસ ઓઘડદાસ કામદાર-પરિવાર હા. શ્રી રમેશભાઈ કામદાર (મુંબઈ), હૈદરાબાદ મુમુક્ષુમંડળનાં અધ્યક્ષ શ્રી ચીમનલાલભાઈ ડી. શાહ, (હા. શ્રી લલિતાબહેન તથા શ્રી રાજેશભાઈ શાહ); શ્રી સપાણી-પરિવાર (હૈદરાબાદ-મદ્રાસ); શ્રી ગુલાબભાઈ છગનલાલ શાહ તથા છગનલાલ ભાઈચંદ શાહ (હૈદરાબાદ-મદ્રાસ); શ્રી કલ્યાણજી લાલજી શાહ (હૈદરાબાદ); શ્રી પ્રવિણભાઈ હરિલાલ દોશી તથા વિજયકુમાર જૈન (બેંગલોર), શ્રી આનંદકુમારજી જૈન હા. શ્રીમતી મમતાબહેન જૈન (હૈદરાબાદ); શ્રી નરેન્દ્રકુમાર ફુલચંદ દોશી (હૈદરાબાદ); શ્રી ચીમનલાલ તથા ગિરધરલાલ ઠાકરશી મોદી (મુંબઈ); શ્રી હીરાલાલ ભીખાલાલ શાહ (દેહગામ); શ્રી હિંમતલાલ છગનલાલ શાહ (હૈદરાબાદ), શ્રી જગજીવન ગોપાલજી કામદાર-પરિવાર (હૈદરાબાદ); શ્રી હસમુખલાલ પોપટલાલ વોરા (મુંબઈ); શ્રી હસમુખલાલ ફુલચંદ દોશી (સીકન્દરાબાદ); શ્રી છોટાલાલ કેશવજી ભાયાણી (મુંબઈ), શ્રી કુંજલત્તા-બહેન રસિકલાલ હા. શ્રી મંજુલાબહેન (મુંબઈ), શ્રી જયસુખલાલ એસ. ખાટડિયા (મુંબઈ), શ્રી ભભુતમલજી ભંડારી (બેંગલોર); શ્રી કેશવલાલ વ્રજલાલ કોઠારી (મુંબઈ), શ્રી કાન્તિલાલ અમીચંદ કામદાર (મદ્રાસ), શ્રી જગદીશભાઈ ચીમનલાલ મોદી (મુંબઈ), શ્રી શાન્તિલાલ રતિલાલ શાહ (મુંબઈ); શ્રી ભોગીલાલ ચત્રભૂજ દોશી (ઘાટકોપર); શ્રી ગુણવંતરાય પ્રેમચંદ ભાયાણી (દાદર); શ્રી હિંમતલાલ છોટાલાલ ઝોબાલિયા (મુંબઈ); શ્રી અનિલભાઈ બાબુલાલ શાહ (ઘાટકોપર); શ્રી વિમળાબહેન સારાભાઈ શાહ (મુંબઈ); નાયરોબી (કેન્યા)નાં શ્રી કરમણ નરશી; શ્રી રાયચંદ દેવન; શ્રી ઝવેરચંદ પૂનમચંદ; શ્રી હરખચંદ નથુ માલદે, શ્રી જેઠાલાલ દેવરાજ ઇત્યાદિ ઘણાં.

શાસ્ત્રોક્તવિધિ અનુસાર પંચકલ્યાણ થયાં બાદ સં. ૨૦૪૬ માઘ શુક્લા ૫ (વસંત પંચમી) બુધવારનાં શુભ દિને (પ્રાત: ૮ થી ૯-૩૦) શુભમુહૂર્તમાં મૂળનાયક શ્રી સીમન્ધર ભગવાન; એમની બન્ને બાજુ શ્રી શાન્તિનાથ તથા શ્રી મહાવીર ભગવાન, તથા ઉપરની વેદીમાં મધ્યમાં ખડ્ગાસનસ્થ શ્રી આદિનાથ; શ્રી ભરતકેવલી તથા શ્રી બાહુબલી મુનિવર તથા તેમની એક બાજુ શ્રી ઋષભાદિ વાસુપૂજ્ય તથા બીજી બાજુ શ્રી વિમલનાથ આદિ મહાવીર એ પ્રકારે વર્તમાન ચોવીસીનાં ભવ્ય જિનબિમ્બ બિરાજમાન કરવાની

મંગળવિધિ સમ્પન્ન થઈ. તે પછી ઉન્નત તથા ભવ્ય શિખર ઉપર કળશારોહણ તથા ધ્વજારોહણ; સમયસાર, પ્રવચનસાર, ગુરુદેવશ્રીનાં વચનામૃત તથા બહેનશ્રીનાં વચનામૃત જિનવાણીની સ્થાપના શ્રીમદ્ ભગવત્ કુન્દકુન્દાચાર્યદેવ, પૂજ્ય ગુરુદેવ તથા પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનનાં વિશાળ ભવ્ય ચિત્રપટની અનાવરણવિધિ, નીચે શ્રી ગુરુદર્શનકક્ષમાં પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીનું સ્ટેચ્યુ બિરાજમાન કરવાની વિધિ ઈત્યાદિ અનેક વિધિ સમ્પન્ન કરવામાં આવી.

મૂળનાયક શ્રી સીમન્ધર ભગવાનની પ્રતિષ્ઠાનો લાભ શ્રી ચીમનલાલ ડી. શાહ (હા. શ્રી રાજેશભાઈ શાહ), શ્રી શાન્તિનાથ તથા ખડ્ગાસનસ્થ શ્રી આદિનાથ તથા ચોવીસીનાં અન્તિમ શ્રી મહાવીર ભગવાનની પ્રતિષ્ઠાનો લાભ શ્રી પરષોત્તમદાસ ઓઘડભાઈ કામદાર પરિવાર, શ્રી મહાવીર ભગવાનની પ્રતિષ્ઠાનો લાભ શ્રી સપાણી પરિવાર, શ્રી ભરતકેવળીની પ્રતિષ્ઠાનો લાભ શ્રી છગનલાલ ભાયચંદ શાહ, શ્રી બાહુબલી મુનિવરની પ્રતિષ્ઠાનો લાભ શ્રી ચીમનલાલ તથા શ્રી ગિરધરલાલ ઠાકરશી મોદી, ધાતકી–વિદેહનાં ભાવી–ભગવાનની પ્રતિષ્ઠાનો લાભ શ્રી કલ્યાણજી લાલજી શાહ, ચોવીસીનાં શેષ ૨૩ ભગવાનની પ્રતિષ્ઠાનો લાભ જુદાં જુદાં મુમુક્ષુઓને મલ્યો હતો. વિધિ-નાયક શ્રી ઋષભદેવની સ્થાપના શ્રી વિજયકુમાર જૈને કરી હતી. ગુરુદેવનું સ્ટેચ્યુ બિરાજમાન કરવાનો લાભ શ્રી હીરાલાલ ભીખલાલ શાહ તથા "ગુરુદર્શનકક્ષ"ની ઉદ્ઘાટન વિધિનો લાભ હસમુખલાલ પોપટલાલ વોરાને મળ્યો હતો. કળશારોહણ તથા ધ્વજારોહણનો લાભ અનુક્રમે શ્રી ભભૂતમલજી ભણ્ડારી તથા વિનયકુમાર જૈનને મળ્યો હતો. તદ્ઉપરાન્ત જિનવાણી સ્થાપના, ચિત્રપટ અનાવરણ આદિ અનેકવિધ વિભિન્ન મહાનુભાવોએ સમ્પન્ન કરી હતી.

આ મંગલ મહોત્સવ પ્રસંગે પરમ પૂજ્ય ગુરુદેવશ્રી તથા પૂજ્ય બહેનશ્રી પ્રત્યે શ્રદ્ધા-ભક્તિવન્ત અધ્યાત્મતત્ત્વપ્રેમી વિદ્વાન શ્રી શશિકાન્તભાઈ શેઠ, શ્રી હિંમતભાઈ ડગલી તથા ડોક્ટર શ્રી પ્રવિણભાઈ દોશી (એફ. આર. સી. એસ.)એ શાસ્ત્ર પ્રવચનોનો લાભ દીધો હતો. તેમના શાસ્ત્ર પ્રવચનોમાં અધ્યાત્મ તત્ત્વજ્ઞાનની સાથોસાથ જિનેન્દ્ર મહિમા તથા પૂજ્ય ગુરુદેવ અને પૂજ્ય બહેનશ્રી ચંપાબહેન પ્રતિ ઉપકૃતતાની ભાવના ઉભરાતી હતી. જેનાંથી શ્રોતાજનોનાં તનમન પરમોપકારી ઉભય મહાત્માઓ પ્રતિ ભક્તિભાવથી રોમાંચીત થતાં હતા.

આ પવિત્ર આયોજનને સફળ બનાવવાનું શ્રેય મંડળનાં સ્વ. શ્રી ચીમનલાલભાઈ ડી. શાહને છે. તેમણે તન–મન–ધન તથા પૂરા પરિશ્રમથી આયોજનને વ્યવસ્થિત પૂર્ણરૂપ દેવામાં કોઈ કચાશ રાખી ન હતી. માનો કે આ મંગલ કાર્ય માટે તેઓ "શહીદ" બની ગયાં. એમની પવિત્ર ભાવનાને મૂર્તરુપ દેવાનું સંપૂર્ણ શ્રય એમના સુપુત્ર ચિ. શ્રી રાજેશભાઈ, મંત્રી શ્રી ગુલાબભાઈ, કોષાધ્યક્ષ શ્રી પ્રભુદાસભાઈ કામદાર, શ્રી નરેન્દ્રકુમાર દોશી (ટ્રસ્ટી), શ્રી ભગવાનભાઈ કામદાર (ટ્રસ્ટી), શ્રી કમલેશકુમાર શાહ (ટ્રસ્ટી), શ્રી મહેન્દ્રકુમાર શાહ (ટ્રસ્ટી) તથા વિજયકુમાર સપાણી (ટ્રસ્ટી)

આદિ અનેક કાર્ય કરેલ છે.

આ મંગલ મહોત્સવમાં સપરિશ્રમ કિંમતી સહયોગ શ્રી ચીમનલાલભાઈ ઠાકરશી મોદી (મલાડ) તથા પૂજ્ય બહેનશ્રીનાં ભત્રીજા શ્રી જિતેન્દ્રકુમાર વૃજલાલ શાહ (ઘાટકોપર)એ આપ્યો હતો. બોલી બોલવામાં શ્રી રસીકભાઈ ડગલી તથા જયસુખભાઈ આટડિયા તથા વિવિધ માર્ગદર્શનમાં રમેશભાઈ કામદારનો સહયોગ ઉપયોગી હતો. પ્રતિષ્ઠા મંડપ સુશોભન આદિ કાર્યમાં સુરેશભાઈ સંઘવી, વિપુલભાઈ મોદી, નિર્જેશભાઈ શાહ આદિએ સહયોગ આપ્યો હતો. પ્રતિષ્ઠા સામગ્રી સંચય આદિ કાર્યમાં સર્વશ્રી પ્રભુદાસભાઈ કામદાર, રજનીકાન્તભાઈ મહેતા તથા ધીરજલાલભાઈ શેઠે સેવા આપી હતી. ઘાટકોપર તથા વઢવાણ દિગંબર જૈન ભજન મંડળીએ પોતાનાં ભક્તિ ગીતોથી શોભાયાત્રા આદિ વિવિધ કાર્યક્રમો રોચક બનાવ્યાં હતા. સોનગઢનાં બ્રહ્મચારિણી બહેનોએ સમવસરણ રચના આદિ અનેક કાર્યોમાં ભક્તિભીનો સુંદર સહયોગ આપ્યો હતો. તદુપરાંત અનેક મહાનુભવો છે જેનાં નામનો ખ્યાલ નથી તેવા સર્વેએ આ આયોજનને સફળ બનાવી પરમ પૂજ્ય ગુરુદેવશ્રી તથા પૂજ્ય બહેનશ્રીનાં પ્રભાવના ઉદયની વૃદ્ધિમાં ભક્તિભીનો લાભ લીધો હતો.

આ પ્રતિષ્ઠા મહોત્સવનાં સમયે બહેનશ્રી ચંપાબહેન અભિનન્દન ગ્રંથમાં રૂા. ૧૫/–નું ડીસ્કાઉન્ટ શ્રી આનંદકુમાર જૈન (હા. શ્રી મમતાબહેન જૈન) તરફથી આપવામાં આવ્યું હતું. જેથી આ બહુમુલ્ય ગ્રંથ માત્ર રૂા. ૧૦/–માં ઉપલબ્ધ બની શક્યો. અન્ય સાહિત્ય પણ ઘણું વેચાયું હતું. અનેક નવાં મહાનુભાવો આત્મધર્મના આજીવન અને વાર્ષિક ગ્રાહક બન્યાં હતા.

અહો! પરમતારણહાર કૃપાળુ કહાનગુરુદેવે સ્વાનુભૂતિપ્રધાન અધ્યાત્મવિદ્યાનો અનુપમ યુગ તો પ્રવૃત કરેલ છે અપિતુ સાથે સાથે ભૂમિકાને અનુરૂપ વર્તનારી દેવશાસ્ત્રગુરુની અચિન્ત્ય મહિમા સુચારુ રૂપથી સમજાવી છે.

પ્રશમમૂર્તિ બહેનશ્રી કહે છે કે:—"પૂર્ણતા પ્રગટ ન હોય ત્યાં સુધી અંતરમાં ચૈતન્ય ભગવાનને તથા બાહ્યમાં દેવશાસ્ત્રગુરુને સાધક સાથે રાખે છે. દેવશાસ્ત્રગુરુનું જેવું સાન્નિધ્ય મળ્યું તેનાં જેવું એકેય પુણ્ય નથી. એમનાં સમીપ સ્વાનુભૂતિ હો, વૃદ્ધિ હો તથા પૂર્ણતા હો બસ એ એક જ કરવાં જેવું છે અને તે જ જીવન જીવવું સાર્થક છે!" અહો! એવી નિશ્ચય-વ્યવહારની સંધિયુક્ત જેમની સાધના સદા પ્રવાહવન્ત ચાલી રહી છે તથા જે મુમુક્ષુઓ નિશ્ચય-વ્યવહારનાં સુમેળયુક્ત આધ્યાત્મિક જીવન પ્રતિ લઈ જાય છે એવાં પરમોપકારી ઉભય સંતોને (પરમ પૂજ્ય ગુરુદેવશ્રી તથા પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનને) અત્યન્ત ભક્તિ પૂર્વક પ્રણામ!!

## વૈરાગ્ય સમાચાર :—

* દેહગામનિવાસી શ્રી નવનીતલાલ ચીમનલાલ શાહ (વર્ષ–૫૫) હૃદયરોગના હુમલાથી તા. ૧૩-૧૨-૮૯ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* અમદાવાદનિવાસી શ્રી ભાયચંદ પોપટલાલ ભાયાણી (વર્ષ–૫૫) હૃદયરોગના હુમલાથી તા. ૨૪-૧૨-૮૯ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* કોઇમ્બતૂરનિવાસી શ્રી નગીનદાસ કસ્તુરચંદ ટોળીયા (વર્ષ–૫૮) હૃદયરોગના હુમલાથી તા. ૫-૧-૯૦ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* જામનગરનિવાસી શ્રી શાંતિલાલ માણેકચંદ મહેતા (વર્ષ–૯૨) તા. ૭-૧-૯૦ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* જેતપુરનિવાસી કાગદી જટાશંકર માણેકચંદભાઈ મહેતા (વર્ષ–૯૩) તા. ૧૧-૧-૯૦ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેઓએ પૂજ્ય ગુરુદેવશ્રીની ઉપસ્થિતિમાં ઘણો સમય સોનગઢ રહીને પૂજ્ય ગુરુદેવશ્રીનો ઘણો લાભ લીધો હતો.

* શ્રી પોપટલાલ દેવચંદ કમાણી (વર્ષ–૬૬) તા. ૧૩-૧-૯૦ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* શ્રી દિ૦ જૈન મુમુક્ષુમંડળ મુંબઈના ટ્રસ્ટી શ્રી બલુભાઈ ચુનીલાલ શાહના ધર્મપત્ની શ્રી શાંતાબેન (વર્ષ–૭૩) તા. ૧૪-૧-૯૦ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેઓ ધાર્મિક વૃત્તિવાળા હતા, અંતિમ સમયે છેલ્લા ચાર કલાક ધર્મ શ્રવણ કરતાં કરતાં દેહ છોડયો હતો.

* વઢવાણનિવાસી શ્રી છોટાલાલ મોહનલાલ કામદાર (વર્ષ–૮૫) તા. ૧૪-૧-૯૦ ના રોજ તેમના પુત્રી શ્રી વસંતબેન નટવરલાલ ગોસળીયાને ત્યાં મુંબઈ મુકામે સ્વર્ગવાસ પામ્યા છે. તેઓ શરૂઆતથી જ પૂજ્ય ગુરુદેવશ્રીના સમાગમમાં હતા અને કાયમ વારંવાર સોનગઢ આવીને પૂજ્ય ગુરુદેવશ્રીનો લાભ લેતા હતા. લાંબી બિમારીમાં પણ તેઓ રોજ પૂજ્ય ગુરુદેવશ્રીનું ટેપ પ્રવચન–શ્રવણ, સ્વાધ્યાય, ચિંતન ઘણું કરતાં હતા. તેઓને સાધર્મીઓ પ્રત્યે ઘણો વાત્સલ્યભાવ હતો.

* ગોરડકા (જિ. ભાવનગર)ના રહીશ, હાલ હૈદ્રાબાદ (આંધ્રપ્રદેશ) નિવાસી શ્રી ચીમનલાલ દીપચંદ શાહનું (રાણપુરવાળા સ્વ. શ્રી મોનજી વીરજી 'ભગત'ના ભત્રીજાનું) (વર્ષ–૬૦) તા. ૨૨-૧-૯૦ના દિને, શાસ્ત્રપ્રવચન–શ્રવણ સમયે એકાએક હૃદય બંધ પડી જવાથી, દેહાવસાન થયું છે. તેમણે નાની વયમાં સોનગઢના ધાર્મિક શિક્ષણવર્ગોમાં તત્ત્વજ્ઞાનનો અભ્યાસ પણ કર્યો હતો. બેંગલોરમાં છેલ્લી પધરામણી વખતે પૂજ્ય ગુરુદેવના શ્રીમુખેથી સહજભાવે નીકળેલા 'દક્ષિણ ભારતમાં બેંગલોર અને મદ્રાસ, એ બે શહેરોમાં આપણાં શુદ્ધામ્નાયનાં દિગંબર જિનમંદિરો થયાં' — એ ઉચ્ચારણમાંથી શ્રી ચીમનભાઈએ એવા સંકેતનું તારણ કર્યું કે આપણા હૈદ્રાબાદમાં પણ આવું ભવ્ય મંદિર થવું જોઈએ. તેમણે મનમાં દૃઢ નિર્ણય કર્યો અને અનુક્રમે મંડળની સ્થાપના કરીને, તેના પ્રમુખપણે

જિનમંદિરના મંગળ કાર્યમાં તન-મન-ધનથી પોતાની જાતને જોડી દીધી. પ્રતિષ્ઠાની સંપૂર્ણ અને વ્યવસ્થિત તૈયારી પોતે અથક ઉલ્લસિત ભાવે કરી. પ્રતિષ્ઠામાં પધારેલ પ્રવચનકારો તથા અન્ય મહેમાનોનું ભાવભીનું સ્વાગત પણ તેમણે જાતે કર્યું. પરંતુ વિધિની ગતિ કોઈ એવી વક્ર નીવડી કે પ્રતિષ્ઠોત્સવ શરૂ થવાને બે દિવસ પહેલાં જ તેમણે ચિરવિદાય લીધી. ખરેખર, આ જન્મમરણની ઘટમાળમાં શાશ્વત નિજ શુદ્ધ જ્ઞાયકદેવ અને વીતરાગ દેવગુરુધર્મ સિવાય અન્ય કોઈ શરણ નથી.

* વીંછિયા નિવાસી શ્રી અમરચંદ ચાલ્ડુભાઈ ઠગલી (વર્ષ-૭૮) લંડન મુકામે તા. ૨૭-૧-૯૦ના રોજ વીતરાગી દેવ-શાસ્ત્ર-ગુરુ અને જ્ઞાયકનું રટણ કરતાં કરતાં સ્વર્ગવાસ પામ્યા છે. તેઓ શરૂઆતથી જ પૂજ્ય ગુરુદેવશ્રીના સમાગમમાં આવ્યા હતા અને સોનગઢ રહીને પૂજ્ય ગુરુદેવશ્રીનો ઘણો લાભ લીધો હતો. પૂજ્ય ગુરુદેવશ્રીની જન્મ-શતાબ્દી ઉજવવા ખાસ લંડનથી આવ્યા હતા.

* સોનગઢનિવાસી હેમકુંવરબેન ગઢડાવાળાના સુપુત્ર શ્રી ધીરજલાલ ગંભીરદાસ (વર્ષ-૫૮) તા. ૨૭-૧-૯૦ના રોજ સોનગઢ મુકામે હૃદય રોગના હુમલાથી સ્વર્ગવાસ પામ્યા છે. અહીંનો લાભ લેવા માટે બે વર્ષ પહેલાં રીટાયર્ડ થઈને અહીં રહેતા હતા.

* ધોરાજીનિવાસી શ્રી ગાંધી નાનાલાલ વલ્લભદાસ (વર્ષ-૭૨) તા. ૨૮-૧-૯૦ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* સોનગઢનિવાસી શ્રી કાશીબેન પાનાચંદ પારેખ કરાંચીવાળા (વર્ષ-૮૬) તા. ૫-૨-૯૦ના રોજ સોનગઢ મુકામે સ્વર્ગવાસ પામ્યા છે. તેઓએ છેલ્લા ૪૫ વર્ષથી સોનગઢ સ્થાયી રહીને પૂજ્ય ગુરુદેવશ્રીનો ઘણો લાભ લીધો હતો.

* પોરબંદરનિવાસી શ્રી પ્રાણજીવનદાસ હરજીવનદાસના ધર્મપત્ની શ્રી હીરાબેન (વર્ષ-૬૫) તા. ૧૧-૨-૯૦ના રોજ મુંબઈ મુકામે સ્વર્ગવાસ પામ્યા છે. આખું કુટુંબ પૂજ્ય ગુરુદેવશ્રીનો લાભ લઈ શકે તે માટે ૪૫ વર્ષ પહેલાં વિશાળ મકાન બંધાવીને તેઓએ અહીંનો ઘણો જ લાભ લીધો હતો.

—સ્વર્ગસ્થ આત્માઓએ વારંવાર સોનગઢ આવીને પરમ કૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રીની ભવનાશક અધ્યાત્મ-અમૃતવાણીનો ઘણો લાભ લીધો હોવાથી દેવ-ગુરુનું સ્મરણ, જ્ઞાયકનું રટણ ને આત્મચિંતન કરતાં કરતાં શાંતિથી દેહ છોડયો હતો. તેઓ વીતરાગ દેવ-ગુરુ-ધર્મના ઉપાસક, પરમ પૂજ્ય ગુરુદેવશ્રી તથા પૂજ્ય બહેનશ્રી પ્રત્યે ઘણો ભક્તિભાવ અને તત્ત્વચિંતક હતા. પરમ કૃપાળુ પૂજ્ય દેરુદેવશ્રીના શરણમાં પ્રાપ્ત કરેલાં આત્મસંસ્કારો વૃદ્ધિ પામીને વીતરાગ દેવ-ગુરુ-ધર્મના શરણમાં તેઓ શીઘ્ર આત્મોન્નતિ પામો એ જ ભાવના. —૦—

# પરમાગમ-ચિંતામણિ

* શુભ અને અશુભથી રહિત શુદ્ધ ચૈતન્યની ભાવના મારા અનાદિ સંસાર-રોગનું ઉત્તમ ઔષધ છે. ૨૧૨

( શ્રી પદ્મપ્રભમલધારીદેવ, નિયમસાર–ટીકા, શ્લોક–૧૬૭ )

* સમ્યગ્દૃષ્ટિકો અપના સ્વભાવ હી પરમ અતીન્દ્રિય આનંદમેં મગ્ન ચૈતન્ય વ આનંદમઈ, કર્મ રહિત શુદ્ધ દિખલાઈ પડતા હૈ, ઉસે આત્મા વ પરમાત્મા એકસા અનુભવમેં આતા હૈ ૨૧૩.

( શ્રી તારણસ્વામી, જ્ઞાનસમુચ્ચયસાર, શ્લોક–૧૫૬ )

* જો સંસારકે ભ્રમણસે ઉદાસ હૈ તથા કલ્યાણમય મોક્ષકે સુખકે લિયે અત્યંત ઉત્સાહી હૈં વે હી સાધુઓંકે દ્વારા બુદ્ધિમાન કહે ગયે હૈં. બાકી સબ જીવ અપને આત્માકે પુરુષાર્થકો ઠગનેવાલે હૈં. ૨૧૪.

( શ્રી કુલધર આચાર્ય, સારસમુચ્ચય, શ્લોક–૨૧૨ )

* હે મુનિજનો! યદિ ચાર ગતિરૂપ સંસારસે છૂટકર શીઘ્ર શાશ્વત સુખરૂપ મોક્ષ તુમ ચાહો તો ભાવસે શુદ્ધ જૈસે હો વૈસે અતિશય વિશુદ્ધ નિર્મલ આત્માકો ભાવો. ૨૧૫. ( શ્રી કુંદકુંદાચાર્ય, ભાવપાહુડ, ગાથા–૬૦ )

* જહાં શ્રી જિનેન્દ્રરૂપી સૂર્યકા દર્શન હૈ વહીં નિજ આત્માકા દર્શન હૈ. ક્યોંકિ અપના આત્મા ભી સ્વભાવસે શ્રી જિનેન્દ્ર-સૂર્યકે સમાન હૈ. શ્રી જિનકા સ્વભાવ વહી યથાર્થ આત્મસ્વભાવ હૈ, વહી પ્રકાશિત રત્નત્રયમઈ ભાવ હૈ, વહી વીતરાગ આત્માકા સ્વભાવ સ્વાત્મ-રમણરૂપ હૈ. ઉસીકી સહાયતાસે આકાશકે સમાન અનન્ત જ્ઞાનધારી અર્હંતપદ પ્રગટ હોતા હૈ. ૨૧૬.

( શ્રી તારણસ્વામી, મમલપાહુડ, ભા–૧, પાનું–૨૦૫ )

* ( ગરમ પાણીમાં ) અગ્નિની ઉષ્ણતાનો અને પાણીની શીતળતાનો ભેદ જ્ઞાનથી જ પ્રગટ થાય છે. શાકના સ્વાદથી લવણના સ્વાદની તદ્દન ભિન્નતા જ્ઞાનથી જ પ્રકાશિત થાય છે. નિજ રસથી વિકસતી નિત્ય ચૈતન્યધાતુનો અને ક્રોધાદિભાવોનો ભેદ, કર્તૃત્વને ( કર્તાપણાના ભાવને ) ભેદતો થકો—તોડતો થકો જ્ઞાનથી જ પ્રગટ થાય છે. ૨૧૭.

( શ્રી અમૃતચંદ્રાચાર્ય, સમયસાર–ટીકા, કળશ–૬૦ )

પરમ પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી-જન્મશતાબ્દી-ઉદ્યાપન-અંતર્ગત
મલાડ-ઉપનગર ( મુંબઈ )માં નિર્માણાધીન
શ્રી પંચમેરુ-નંદીશ્વર ( બાવન ) જિનાલય તેમ જ
પૂજ્ય કહાનગુરુ-પ્રતિકૃતિ ( સ્ટેચ્યુ )ની પીઠિકાનો

# શિલાન્યાસ મહોત્સવ

[ તા. ૨-૩-૯૦ થી તા. ૪-૩-૯૦ ]

શ્રી પંચમેરુ-નંદીશ્વર જિનાલયના નિર્માણની તથા પરમોપકારી પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીનું સ્ટેચ્યુ બિરાજમાન કરવાની અમારા શ્રી ઉપનગર દિ. જૈન મુમુક્ષુમંડળની ભાવના પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનના મંગલ આશિષથી સાકાર થઈ રહી છે. ફળસ્વરૂપે તેના શિલાન્યાસની મંગલ વિધિ ફાગણ સુદ ૮, રવિવાર, તા. ૪-૩-૯૦ના રોજ સવારે ૮ થી ૧૦ાા રાખવામાં આવી છે. આ પ્રસંગે તા. ૨-૩-૯૦ થી તા. ૪-૩-૯૦—ત્રણ દિવસના મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. સર્વે મુમુક્ષુઓને આ માંગલિક મહોત્સવનો લાભ લેવા પધારવા હાર્દિક આમંત્રણ છે.

— નિમંત્રક :

શ્રી ઉપનગર દિ. જૈન મુમુક્ષુમંડળ ( મલાડ )

સૂચના :—શ્રી પંચમેરુ-નંદીશ્વર જિનાલયની બિંબપ્રતિષ્ઠા તા. ૩૦-૪-૯૦, સોમવારથી તા. ૭-૫-૯૦ સોમવાર ( વૈશાખ સુદ ૧૩ ) સુધી રાખવામાં આવી છે; જેની નિમંત્રણપત્રિકા તૈયાર થતાં બધા મુમુક્ષુમંડળોને મોકલી આપવામાં આવશે.

—o—

નિત્ય અને નૈમિત્તિકરૂપથી થવાવાળા જિનબિંબ-મહોત્સવમાં શિથિલતા ન કરવી, તથા તત્ત્વજ્ઞાનીઓએ તો તે શિથિલતા કદી પણ અને કોઈ પ્રકારથી પણ ન કરવી.

—( શ્રી રાજમલ્લજી, પંચાધ્યાયી, ભાગ-૨, ગાથા-૭૩૯ )

## 卐 સીમંધર જિનમંદિરનો સુવર્ણજયંતી-મહોત્સવ 卐

પરમ પૂજ્ય ગુરુદેવશ્રી તેમજ પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનનાં પુનિત પ્રતાપે વિદેહીનાથ ભગવાન શ્રી સીમંધરસ્વામી આદિ જિનવરોની મુમુક્ષુજગતમાં સર્વ પ્રથમ થયેલી પધરામણીનો ફાગણ સુદ-૨ નો સુવર્ણજયંતી-મહોત્સવ, દર વર્ષની માફક આ વર્ષે પણ માઘ વદ-૧૦ મંગળવાર, તા. ૨૦-૨-૯૦ થી ફાગણ સુદ-૨ મંગળવાર, તા. ૨૭-૨-૯૦ સુધી ‘શ્રી સીમંધરાદિ વિંશતિ-વિહરમાન-જિન-મંડલ-વિધાન-પૂજા’ જિનેન્દ્રભક્તિ, અધ્યાત્મતત્ત્વજ્ઞાનોપાસના, ધાર્મિક શિક્ષણવર્ગ આદિ વિવિધ કાર્યક્રમ સહિત અત્યંત આનંદોલ્લાસ પૂર્વક ઉજવવામાં આવશે.

સંપાદક : નાગરદાસ બેચરદાસ મોદી
તંત્રી : હીરાલાલ ભીખાલાલ શાહ
પ્રકાશક : શ્રી દિ. જૈન સ્વા. મંદિર ટ્રસ્ટ
સોનગઢ-૩૬૪૨૫૦

મુદ્રક : કહાન મુદ્રણાલય,
જૈન વિદ્યાર્થી ગૃહ, સોનગઢ
આજીવન સભ્ય ફી : ૧૦૧/-
વાર્ષિક લવાજમ : રૂ. ૯/- પ્રત : ૩૨૦૦

If undelivered please return to :-
Shri Dig. Jain Swadhyay Mandir Trust
SONGADH-364 250 ( INDIA )

Licence No. 21 ‘ Licensed to post without prepayment ’

356 A Kantaben M. Ajmera
Modi No. 2
Sita Burdy
NAGPUR 440012